# અધ્યાત્મ



વર્ષ : ૧૧ મે-૧૯૯૦ અંક : ૮

## * સદ્‌ભાવભરી ભેટ *

ભગવાનની અસીમ કૃપાનો અનુભવ દિન પ્રતિદિન ઘટતી ઘટનાઓમાં થયા વગર રહેતો નથી-જો આપણી દૃષ્ટિ શ્રદ્ધાપૂર્વક ઉઘાડી હોય તો. અમે પણ એવી જ પ્રભુની અસીમ કૃપાનો અનુભવ આ સદ્‌ભાવભરી ભેટના પ્રવાહમાં કરતા રહીએ છીએ. અધ્યાત્મના અનેક વાંચકોને સદ્‌ભાવભરી સહાયનો હાથ લંબાવવાની પ્રેરણા કોણ કરતું રહે છે! એનો ખુલાસો કોણ આપી શકે? અરે! એવા ખુલાસાની જરૂર પણ શું છે? એનું પરિણામ તો પ્રત્યક્ષ છેજ. ચાલો આપણે છેલ્લે મળેલી આવી સહાયની વિગતો જોઈએ:-

રૂા. ૧૦૦શ્રી મંજુલાબેન ભોગીલાલ શેઠ.

રૂા. ૧૦૧શ્રી હિમ્મતભાઈ ગોવિંદભાઈ ચૌહાણ, ભાવનગર.

રૂા. ૧૦૧શ્રી નિરંજન મણિલાલ શાહ, વડોદરા.

રૂા. ૨૩શ્રી ભારતીબેન જી. અગ્નિહોત્રી, સુરત.

રૂા. ૧૦૧શ્રી મનસુખલાલ કાનજીભાઈ સારંગ, સુરત.

રૂા. ૨૫શ્રી કીર્તિ વિનોદભાઈ જોષી, વડોદરા.

રૂા. ૧૧શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

રૂા. ૫૧શ્રી મંજુલાબેન કે. પરમાર, જેતપુર-મચ્છુ.

રૂા. ૧૦૧શ્રી ડીવાઈન વિડીઓ, રાજકોટ-નવો વિડીઓ કેમેરો લેતાં.

(અનુસંધાન પૃષ્ઠ ૪૧માં પાને)


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦

વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| સ્વાશ્રયી ને સાદુજીવન | નારાયણ હ. જાની | ૧૩ |
| પરનિંદાનું પ્રાયશ્ચિત્ત | રતિલાલ ભાવસાર | ૧૯ |
| પરમ કૃપાળુ મા | દામિની શાહ | ૨૫ |
| સત્સંગમાંથી સાંપડેલું | રજનીભાઈ | ૨૮ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | રાજુ શાહ | ૩૨ |
| જવાબ જડી ગયો | નારાયણ હ. જાની | ૩૭ |
| સુતરને તાંતણે | ધનજીભાઈ સુતરીયા | ૪૨ |
| કાઠિયાવાડના કદરદાન રાજાઓ | ધૂની માંડલિયા | ૪૭ |
| ભાવ પહોંચે છે | ગીતા લાડ | ૫૦ |
| શ્રીકૃષ્ણભક્ત મીરાંબાઈ | કમલ સુથાર | ૫૩ |
| વૈદિક પ્રાર્થનાઓ | યોગાચાર્ય શાન્તિકુમાર ભટ્ટ | ૫૭ |
| ખરાખરીનો ખેલ | ડૉ. રણજિત એમ. પટેલ | ૫૯ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૦ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૧ મે-૧૯૯૦ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

વિ. સં. ૨૦૩૬ આસો સુદ બીજ ને શનિવાર
તા. ૧૧/૧૦/૧૯૮૦, સ્થળ : સરદારનગર, ભાવનગર.

આખાયે દિવસની નોંધ સાંજે લગભગ સાડા ચારે થઈ રહી છે. પૂ. શ્રી ગાયત્રીમંત્રની એક માળા કરી રહ્યા છે, ત્યારે સર્વેશ્વરી આ નોંધ લખવા બેસે છે.

સવારે પૂ. શ્રી ૫૦ માળા કરે છે. સાડા અગિયાર સુધી મૌન જ રાખે છે. દરરોજની જેમ આજે દૂધ લેવામાં આવે છે. તે પહેલાં ધાત્રી રસાયણની એક ચમચી, મકરધ્વજવટી નં.-૧ ની ગોળી અને ઈસબગુલ પણ પૂ. શ્રી લે છે. આજે દૂધમાં સ્વાદ બદલાતાં ગરમ મસાલાવાળું દૂધ બનાવડાવવાનું કહે છે, જેથી આજે તેવું દૂધ લે છે.

આજે ભાવનગરના પ્રેમી વૃદ્ધપુરુષ શ્રી નવિનચંદ્ર પારેખ ૭૮ વર્ષની ઉમર પૂરી કરી ૭૯ માં વર્ષમાં પ્રવેશ કરે છે. જેથી આજે તેઓ મળવા આવ્યા છે. સાડા અગિયારે તેઓશ્રી નારાયણભાઇ સાથે આવી પહોંચે છે.

શ્રી નવિનચંદ્રને પૂ. શ્રી જન્મદિનના અભિનંદન આપતાં કહે છે. "શરીર સ્વસ્થ રહીને ૧૦૦ વરસ જીવો પ્રથમ કામ તો જે જે સત્કર્મોની ઇચ્છા છે તે તે કરો, જપ વધારે ને વધારે કરો."

શ્રી નવિનચંદ્ર:-"તેજ કરવું છે પણ આપ પરમ શક્તિને પૂછો કે મારે કેટલામા વર્ષે જવાનું છે? તો પછી તેજ વરસે મારું વીલ વિ. કરી નાખું. મારે આગળથી નથી કરવું."

પૂ. શ્રી:-"જવાનું તો છેજ એવી જ તૈયારી રાખવી. કદાચ આવતા વરસે જન્મદિન ન પણ આવે એમ જ માનવું. ૧૦૦ વર્ષ જીવો એવું આપણે તો ઇચ્છીએ, સત્કર્મ કરવા માંડો-વગેરે."

ત્યારબાદ દરરોજની જેમ શ્રી બકુભાઇ શેઠ આવે છે. તેમની સાથે દક્ષિણની યાત્રાની વાતો થાય છે. વિવિધ સ્વભાવ ને વિવિધ ટેવોવાળા સાધકો એમાં ભેગા થયા હતા. એ અંગે વાતો ચાલુ હતી, ત્યાં જ સર્વેશ્વરી પૂછે છે કે:-

"આપ આવા સમર્થ સંત છતાં સારા જ સ્વભાવવાળાઓને તમે તમારી અલૌકિક શક્તિથી જાણીને જ કેમ ન લીધા? અમને તો ઘણીવાર અશ્રદ્ધા થઇ જતી હતી તે યાત્રામાં.



પૂ. શ્રી:-જુઓ, યાત્રામાં જ શું કામ, જીવનમાં પણ જુઓ છો ને-જ્યાં ત્યાં જુદાજુદા સ્વભાવ ને ટેવોવાળા માણસો મળ્યા જ કરે છે. કર્મોના ઋણાનુબંધો પ્રમાણે ભેગા થવાનું બને છે."

"જીવન પણ એક યાત્રા જ છે ને! હું તો એ યાત્રા જ્યારે પણ પુરી થવાની હોય ત્યારે ભલે થાય, પરંતુ એ માટે હંમેશાં તૈયાર જ છું."

સૌ વિદાય થાય છે.

ભોજનમાં આજે ગઇકાલે રાતની સૂચના મુજબ મગભાત હતાં જે પૂ.શ્રીએ લીધાં. આ ઉતારાના મેદાનમાં એક ખૂણામાં લીમડાનું વૃક્ષ છે ત્યાં બપોરે પણ છાંયડો રહે છે, એટલે ત્યાં એક કથ્થઇ રંગની નાનકડી શેત્રંજી પાથરવામાં આવે છે. એના ઉપર સામસામી બે આસનો વચ્ચે બે પાટલા અને બાજુમાં એક બીજો પાટલો જેના ઉપર ભોજનનાં વાસણો મૂકવામાં આવે છે. એક પાણીનો જગ ને બે પ્યાલા પણ હોય છે. ખાલી થાળીને બે ચાર ચમચી ને વાડકી પાટલો જે વચ્ચે મૂક્યાં હોય છે તેના ઉપર મુકાય છે.

શેત્રંજી ઉપર સામસામાં પૂ. શ્રી તથા શ્રી સર્વેશ્વરી બેસે છે. હોસ્પીટલના નિવાસથી પૂ. શ્રી જાતે જ પીરસવાનું પસંદ કરે છે. આ વરસે રાજપીપળાના નવા સ્થાનમાં ને વડોદરામાં પણ જાતે પીરસવાની ઇચ્છા પૂ. શ્રીએ અમલમાં મૂકી હતી.

આજે ચાલુ ભોજને પણ સખત ગરમી લાગતી હતી. જેથી દરરોજની જેમ પૂ. શ્રી થોડું પણ ત્યાં ન બેઠા.

ભોજનબાદ તરત જ ઉતારાપરના બહારના વરંડામાં આવીને બેઠા. ભોજન દરમ્યાન માતાજીનાં અસ્થિ વિસર્જનની વાતો થાય છે.

માતાજીના નિધનના આશ્વાસનરૂપ સંદેશાઓ લગભગ સો જેટલા આવ્યા હતા, જેમાંથી લગભગ ૫૫ જેટલા ભાઈબેનોને જવાબ આપવામાં આવ્યા.

જવાબમાં છાપેલાં કાર્ડો જ મોકલવાનાં હતાં. માત્ર તેમના ઉપર જુદાં જુદાં સરનામાં કરવામાં આવ્યાં, ટિકિટો લગાડવામાં આવી. શ્રી નારાયણભાઈ તથા તેમના નાનાપુત્ર અજયે એ કામ કર્યું.

જે કાર્ડ છપાવ્યા હતાં તેનું લખાણ પૂ. શ્રીએ તૈયાર કર્યું હતું. તે નીચે મુજબ હતું:-

ૐ

તા. ૯/૧૦/૮૦
ભાવનગર

પરમાત્માના કૃપાપાત્ર,

પરમ પૂજ્ય માતાજીના સ્વર્ગવાસ નિમિત્તે લખાયેલો આપનો સંદેશ મલ્યો. તે માટે આભાર.

સંસારમાં જે કાંઇ બને છે. તે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે બને છે, એમ માનીને સ્વસ્થતા ને શાંતિ રાખ્યા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. માતાજી તો પોતાના જીવનને ધન્ય બનાવી ગયાં, એમની સદ્‌ગતિ થઇ ગઇ, એમનું જીવન આપણને સૌને પ્રેરણા પૂરી પાડો.

યોગેશ્વરના આશીષ.



પૂ. શ્રી લગભગ બપોરે બે વાગે આરામ કરે છે. સાડાચારે ઊઠીને મંત્રજાપ કરે છે.

માતાજીની સ્મશાનયાત્રાના દિવસે જ પૂ. શ્રી પોતાની નાનીબેનની ઇચ્છાને સંતોષ થાય એ દૃષ્ટિએ માતાજી પાછળ જે લૌકિક ક્રિયાઓ-સરવણી, જ્ઞાતિભોજન વગેરે જે કરવા યોગ્ય હોય, તે કરવાની રજા આપે છે. તેથી તે બેનને ખૂબ સંતોષ થાય છે.

ન્યાતના સૌને શાંતિ મળે, પ્રેરણા મળે એ રીતે સર્વશ્રેષ્ઠ પ્રકારે મરણોત્તર ક્રિયાઓ અને ભોજન કરવાની પૂ. શ્રી સૂચના ને રજા આપે છે. એ અંગે જે ખર્ચ થાય તેનો સંપૂર્ણ હિસાબ રાખવાનું કહે છે. અમદાવાદ આવીને અમે તે આપી દઈશું, એવી પણ સ્પષ્ટતા પૂ. શ્રી કરે છે.

ત્યાગી પુત્રને પોતાની માતા પાછળ આ બધી વિધિ કરવાની જરૂર તો ન હતી, પણ કોઇને સંતોષ ને શાંતિ મળતી હોય તો તે પણ કરવું જરૂરી છે એમ પૂ. શ્રી માને છે. બાકી માતાજી મુક્તાત્મા હતાં-જીવન્મુક્ત હતાં. એ આ શરીર છોડીને પરમાત્મામાં ભળી ગયાં છે. અન્ય જીવોની પેઠે એ અતૃપ્ત વાસનાવાળા જીવની પેઠે સૂક્ષ્મશરીરે પણ રહ્યાં નથી. પૂ. શ્રીએજ માતાજીની મુક્તિ માટે પ્રાર્થના કરી હતી. તેથી એવા મુક્તાત્માને આ બધી વિધિઓની જરૂર ન હોય. માતાજીને પણ પોતાના મૃત્યુ પછી આમ કરજો કે તેમ કરજો એવી કોઇ ઈચ્છા જ ન હતી.

છતાં સમાજમાં એ જરૂરી છે એમ માની અહીં જેમ ગીતા પાઠ તેર દિવસ થાય છે તેમ મણીનગર શાસ્ત્રો

મુજબની વિધિસર ક્રિયાઓ થશે.

આજે પૂ. શ્રીએ ગીતાપાઠ પછી માતાજી ઉપર થોડોક વાર્તાલાપ આપ્યો, જેમાં સર્વેશ્વરીની સેવા જ વિશેષ ઉલ્લેખનીય રહી. નિઃસ્વાર્થસેવા કરનારને જગતમાં કશું જ દુર્લભ નથી, એમ પૂ. શ્રીએ કહ્યું. આજે તો જાણે સર્વેશ્વરીને જ અંજલિ આપવાનો કાર્યક્રમ હોય એવું લાગ્યું.

સમગ્ર વાર્તાલાપમાં સર્વેશ્વરીની સેવા જ છવાયેલી રહી હતી.

સત્સંગ બાદ બાફેલા બટાકા ને સીતાફળનો નાસ્તો કરી મસાલાવાળું દૂધ પીધું.

પછી આરામ માટે પૂ. શ્રી રૂમમાં ગયા. ધ્યાનમાં અડધો કલાક બેસવાનું છે. એવી સૂચના થઇ જેથી ધ્યાનનો કાર્યક્રમ પૂર્ણ કરી સંપૂર્ણ આરામ કર્યો. હરિઃ ૐ

વિ. સં. ૨૦૩૬ આસો સુદ ત્રીજ ને રવિવાર
તા. ૧૨/૧૦/૮૦ સ્થળ:–'અધ્યાત્મ' સરદારનગર, ભાવનગર.

આજે રવિવાર છે. આજે પૂ. શ્રી યોગેશ્વરજી રાત્રે ૧ થી ૩ ઊઠીને જપ કરે છે.

દરરોજ ઊઠીને માતાજીની વિદાયને કેટલા દિવસ થયા તે કહે છે. વળી કહે, "પિતાજીના મૃત્યુ પછી માતાજી ૫૦ વરસ જીવ્યાં અને અમદાવાદ–વડોદરા–સૂરતમાં નહીં, ને ભાવનગરમાં મૃત્યુ પામ્યાં વ. વાતો કરે છે."

આજે ભાવનગરનું ધ્યાનકેન્દ્ર અહીં ઉતારાના મેદાનમાં પોતાનો કાર્યક્રમ કરે એવી પૂ. શ્રીની ઇચ્છા હતી. જેથી



૭–૩૦ થી ૮–૩૦ ધ્યાનકેન્દ્રના સાધકો બહાર ધ્યાનમાં બેઠા. ત્યારબાદ વિષ્ણુસહસ્ત્રનો ને શિવમહિમ્નનો પાઠ કરી સૌ વિદાય થયા.

આજે ૧૧–૩૦ સુધીમાં રામાયણનો નિયમ મુજબનો પાઠ થઇ ગયો. સમયે પૂ. શ્રી બહાર પલંગ ઉપર બેઠા છે. મુલાકાતીઓમાં શ્રી નારાયણભાઇનું જ આખું કુટુંબ બેઠું છે. આજે સાપુતારામાં નોકરી કરતાં એમના બીજા નંબરના પુત્ર પિનાકીન્ પણ આવ્યો છે.

નારાયણભાઇના કુટુંબની વાતો ચાલી રહી છે. એમના વડીલોની પૂ. શ્રી પ્રશંસા કરે છે.

માતાજીની સ્મશાનયાત્રાની વાતો પણ થાય છે. આજે ભોજનમાં પૂ. શ્રીને ખાસ કોઇ વાનગી ન ભાવી. તેથી ભાતને વઘારેલા ભાતના નવાસ્વરૂપે તેમણે ભોજનમાં લીધો.

આજે ભોજન બાદ અધ્યાત્મને માટે લેખો પૂ. શ્રીએ શ્રી નારાયણભાઇને આપ્યા. સાથે આકાશવાણીના વ્યવસ્થાપકોની વાતો પણ કરી. આજે બપોરે પોણાબેથી ત્રણ સુધી થોડા પત્રો લખાવ્યા. પૂ. શ્રીયે તો બે વાગ્યે આરામ કર્યો.

આજકાલ અધ્યાત્મનો આ બીજો અંક માતાજીની સ્મૃતિમાં કાઢવાનો વિચાર ચાલી રહ્યો છે. તેને માટે પૂ. શ્રી આજે 'માતૃદેવો ભવ' લેખ તૈયાર કરે છે. આજે ઘણાં દિવસે પૂ. શ્રીએ લેખન કાર્ય શરૂ કર્યું. તા. ૨૦ મી ઓગસ્ટથી તો તે બંધ જ હતું.

આજે ફરીથી પૂ. શ્રીએ બપોરે વાત કરી કે માતાપિતાનો

નિકટનો સંબંધ પૂરો થયો. મેં કહ્યું "મારે તો હજીયે સંબંધ ચાલુ છે." તો પૂ. શ્રી કહે, "હા, મારે પૂરો થયો. હવે તો માતાજી જેમ સંભાળ રાખતાં એથીયે વિશેષ રીતે સંભાળ રાખી મારી સાથે જ તમારે રહેવાનું, માતાજી છેજ, એમના આશીર્વાદ છેજ, એમ માની આપણે ખૂબ જ પ્રેમથી જીવીશું."

આજે સાંજે છ વાગ્યે બહાર આવીને બેઠા ત્યારે શ્રી મણિભાઇ શાહ, શ્રી નવિનચંદ્ર પારેખ તથા શ્રી નારાયણભાઇ સહિત બીજા બે ત્રણ ભાઇઓ પણ આવીને બેઠા હતા.

શ્રી મણીભાઇ શાહના બંગાળી મિત્રની વાતો નીકળે છે એના ઉપરથી માંસાહારની વાતો શરૂ થઇ. સર્વેશ્વરી પૂ. શ્રીને પૂછે છે.

મહાત્માજી, માંસાહાર કરે તેને ભગવાન કેવા લીસ્ટમાં મૂકતા હશે? એ પાપ જ ગણાય ને? પૂ. શ્રી:-"ભગવાન તો જે લીસ્ટમાં મૂકતા હશે તે લીસ્ટમાં, પણ આપણે એને ક્યા લીસ્ટમાં મુકીએ? તે વિચારો. જુઓ, બીજા ઘણા શાકાહારી પદાર્થો ખાવાના મળે છે ત્યાં માંસ લેવું એ રાક્ષસ કોટીના જ ગણી શકાય."

શ્રી મણિભાઇ:-બંગાળમાં તો છોકરી આપવી હોય તો તેમને ઘેર માછલાં માટેનું તળાવ છે કે નહીં તે પ્રથમ જોવામાં આવે છે. વિગેરે.

સાંજના ૬-૩૦ થતાંની તૈયારી થતાં પૂ. શ્રી મેદાનમાં આવે છે. ૬-૩૦ માં પાંચ મિનિટ બાકી હતી ને ગીતાપાઠ શરૂ કરવાની પૂ. શ્રી સૂચના આપે છે.



આ ઉતારામાં અગાઉ પણ પ્રવચનો થતાં, ત્યારે લાંબા લાકડાના પાટ ઉપર ગાદી ને ગાલીચો પાથરતાં. હવે મેદાનમાં પૂ. શ્રી માટે સોફા મૂકવામાં આવે છે. તેની બીજી તરફ (જમણીબાજુ) નીચે ગાદી ઉપર પૂ. શ્રીની પાસે જ પ્રેક્ષકોની સામે એક આસન સર્વેશ્વરી માટે પણ મૂકાય છે. જ્યારે પૂ. શ્રીની બેઠકની ડાબી બાજુ એક ટેબલ ઉપર નાનકડો રેશમી રૂમાલ પાથરી તેના ઉપર પૂ. માતાજીનો નાનકડો ફોટો, ફૂલ, અગરબત્તી વગેરે મૂકવામાં આવે છે.

આજે ગીતાપાઠ થયાબાદ સ્તુતિ ને "જૂનુ તો થયું રે દેવળ" અને "બોલ મા, બોલ મા બોલ મા રે" ભજનો ગવડાવ્યા. ત્યારબાદ પૂ. શ્રી પોતે કહે છે:-

"દેવોના વૈદ્ય અશ્વિનિકુમારો હતા. તેવા જ માતાજીની સેવામાં આવેલા અશ્વિનિકુમારો જેવા ડોક્ટરો પણ હતા. તેમાનાં એક ડોક્ટર ભટ્ટભાઇ આજે બોલશે."

શ્રી ભટ્ટભાઇએ પોતાની વાત વાંચીને રજુ કરી. ત્યારબાદ રેલ્વે હોસ્પીટલના ડો. શાહ પછી શ્રી મહેતાભાઇ, શ્રી મણીભાઇ, શ્રી બાલુભાઇ સૌને પૂ. શ્રીએ બોલવાનું સૂચન કર્યું. જેથી સૌએ છેક ટૂંકાણમાં પોતાની વાતો રજૂ કરી.

એક ગુરુવારે હોસ્પીટલમાં રાત્રે ૧૨ થી ૧ સત્સંગ થયો તે પ્રસંગે માતાજીને ગ્લુકોઝનો બાટલો આપવાનો હતો તેની વિગતવાર વાતો સર્વેશ્વરીએ કરી.

સર્વેશ્વરીની વાત પછી, શાંતિપાઠ કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો.

આજે માતાજી માટે લોહી આપનાર યુવાન ભાઈશ્રી રાકેશભાઈ શુક્લ આવ્યા હતા તેમને પૂ. શ્રીએ પ્રકાશના પંથે પુસ્તક ભેટ આપ્યું.

પૂ. શ્રીએ ધ્યાનકેન્દ્રના બંને સાધકો શ્રી બાલુભાઈ તથા શ્રી રાજેશભાઈ સાથે થોડી વાતો કરી, અંદર આવી સ્નાન કરી લીધું.

દરરોજ પૂ. શ્રી સાંજે પણ સ્નાન કરે છે. સ્નાન બાદ દૂધ લીધું. દૂધ પીધા બાદ માંડ ૧૦ મિનિટ પૂ. શ્રી બહાર બેઠા પછી અંદર આવી પૂ. શ્રી આરામ કરે છે.

લગભગ ૯ થી ૯-૩૫ સુધી સર્વેશ્વરી બહારમેદાનમાં શ્રી નારાયણભાઈ સાથે વાતો કરે છે સાથે સરસ્વતીબેન, તેમના પુત્રો અજય, પિનાકીન્ પણ ઊભા છે. ૯-૩૫ થી ૧૦-૦૫ સુધી ડાયરી લેખન કરી સર્વેશ્વરી પણ આરામ કરે છે. હરિ:ૐ

(ક્રમશ:)

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગાગેહણ "

## માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# પ. પૂ. શ્રી યોગેશ્વરજીનું સ્વાશ્રયી ને સાદુજીવન

નારાયણ હ. જાની

કોઈપણ સાચા સંત પુરુષનું જીવન જોઈએ તો તેમાં ત્રણ વસ્તુઓ મુખ્યત્વે જણાય. એક તો સાદાઈ, બીજી સરલતા અને ત્રીજી પવિત્રતા ને સ્વચ્છતા.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી એક નાના સરખા ગામડામાં જન્મેલા. બ્રાહ્મણ પરિવાર પણ ખેતીનો ધંધો, એટલે સ્ત્રીઓને ઘર-કામ ઉપરાંત ખેતરનું કામ પણ રહે. આજથી સીત્તેર વર્ષ પૂર્વે ગામડાંઓમાં ખાસ સુવિધાઓ નહિ. પાણી કૂવેથી ખેંચીને લાવવું પડે, ઘરમાં વિજળી નહિ. ટેબલ ખુરસીઓ તો ભાગ્યે જ જડે. માણસો સાદાં સસ્તાં સુતરાઉ કપડાં પહેરે. ઘરકામ માટે નોકરો તો સામાન્ય પરિવારોમાં ન જ હોય. એટલે ઘરનાં નાનાં મોટાં સહુને કેટલુંક કામ તો જાતે જ કરવું પડે. એ રીતે સ્વાશ્રયી જીવનનો પાઠ સહજરીતે શીખવો પડે, તે સિવાય ચાલે નહિ.

પૂ. શ્રીના પિતાજીનો પરિવાર પણ સામાન્ય સ્થિતિનો હતો. એ ઘરમાં સહુને થોડી ઘણી જાત મહેનત કરવી પડતી, પરંતુ ઘરમાં અનાજ ને ઘીદૂધનો અભાવ ન હતો. ગરીબાઈ કહો તો ખરી, પણ તે ખાધાખોરાકી સિવાયની બીજી જીવન જરૂરિયાતોની -જે વિના તેઓ સહુ ચલાવી લેતાં. એવી

વસ્તુઓના અભાવનું દુ:ખ એમને કદી લાગતું નહિ. આમ સાદગીનો જે પાઠ એમને જન્મજાત પરિસ્થિતિમાંથી મળેલો, તે એમને એમના વિદ્યાર્થી જીવનમાં ને તે પછીના સાધનાત્મક જીવનમાં ખૂબ ઉપયોગી ઠર્યો. એમ કહીએ તો ચાલે કે સાદગી એમના જીવનનું એક અવિભાજ્ય અંગ બની ગઇ. પરમ સિદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી પણ જ્યારે વસ્તુઓની વિપુલતા અને સુખ સાહ્યબીની સુવિધાઓ કુદરતી રીતે ઉપલબ્ધ થઇ, ત્યારેય તે મહાપુરુષનું જીવન એવું જ સાદુ રહ્યું, જેવું પહેલાં હતું.

આઠ વર્ષની બાળવયમાં એમણે પિતાજીનું શિરછત્ર ગુમાવ્યું. એટલે ઘરની જમીનની ખેતી સંભાળનાર મૂળ ને મુખ્ય માણસ જ જતો રહ્યો. પરિણામે કુટુમ્બ પર આર્થિક ભીંસ વધી. એટલે શ્રી યોગેશ્વરજીને-અથવા તે વખતના શ્રી ભાઈલાલને મુંબઇની ઓરફનેઝમાં ભણવા માટે મૂકવામાં આવ્યા.

આવી સંસ્થાઓમાં બાળક દાખલ થાય કે તુરત જ તેને પોતાનું બધું કામ જાતે જ કરવું પડે. સંસ્થામાં એ માટે કોઇ નોકર ન હોય. જેમ કે પોતાનાં કપડાં જાતે ધોવાનાં, જમ્યા પછી થાળી, વાટકી કે પ્યાલો જાતે જ માંજી નાંખવાનો. સૂકાયેલાં કપડાંની સરખી ઘડી કરવાની. પોતાનાં પુસ્તકોને પૂંઠાં ચઢાવી સારી રીતે જાળવવાનાં ને પોતાનો અભ્યાસ પોતાની જાતે કરવાનો. રાત્રે ઊંઘ આવે ત્યારે પોતાની પથારી જાતે કરી લેવાની અને સવારે વાળીને સરખી ગોઠવી દેવાની. આમ જે બાળક સ્વાશ્રયી ન હોય તે આવી સંસ્થાઓમાં રહી શકે જ નહિ. ગભરાઈને ભાગી જાય.



નાના ભાઈલાલને પણ શરૂમાં આ બધી વસ્તુઓ કઠતી. કપડાં ઘરે કદી ધોયેલાં નહિ એટલે બરાબર ફાવે નહિ. વાસણ તો કદી ઉટકેલાં નહિ. એથી ઘણીવાર એમ થતું કે આના કરતાં ઘર સારું. ભલે પિતાજી નથી, પરંતુ માતાજી તો છેને? અને તેઓ હોય પછી નાના એવા મને તો આવું કામ ન જ કરવા દે! એટલે પોતાના ઘરે સરોડા જવાના વિચાર આવતા.

પ્રભુએ માણસના મનને એવું ઘડ્યું છે કે સુખની કે દુ:ખની જે પરિસ્થિતિ આવી મળી હોય, તેમાંય ખાસ કરી દુ:ખનીમાં, લાંબો સમય રહેવું પડે, તો પછી મન એ પરિસ્થિતિની સાથે સમાધાન કરી લે છે ને તેમાં પોતાની જાતને ગોઠવી દે છે. વખત જતાં એને એ બીજાઓને દુ:ખદ લાગતી પરિસ્થિતિ દુ:ખદ લાગતી નથી. જે માણસોનાં મન આવી રીતે સમાધાન કરી શકતાં નથી, તેઓ મનમાં દુ:ખી થતાં રહે છે. એમના મનમાં સતત સંઘર્ષ ચાલતો રહે છે, કારણ કે પરિસ્થિતિને તેઓ બદલાવી શકતા નથી કે તેમની જાતને તેમાં ગોઠવી શકતાં નથી.

પરંતુ પ્રભુકૃપાથી બેએક વર્ષમાં આ નાના ભાઈલાલનું મન બરાબર ગોઠવાઇ ગયું. એણે પોતાની જાતને પરિસ્થિતિને અનુકૂળ બનાવી દીધી ને તેમાં એને આનંદ લાગવા માંડ્યો. પોતાનું કામ પોતાની જાતે સૌથી શ્રેષ્ઠ રીતે કયી રીતે કરી શકાય, એની તાલીમ એણે પોતાની જાતને આપી. એમાં એને આનંદ લાગવા માંડ્યો. પોતાનું કામ જાતે કરવું એ હલકું કે સારું ન ગણાય-એવા ભ્રાન્ત ખ્યાલોથી આમ એમનો બચાવ થઇ ગયો. આ રીતે સ્વાશ્રયી જીવનનો

દૃઢ પાયો એમના બાળજીવનથી જ નંખાયો.

પિતાજીના અવસાન પછી ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. એટલે પૈસા વાપરવા માટે હોય જ ક્યાંથી? વળી જે ખાવા-પીવાનું ઓરફનેઝમાં મળતું તેમાં જ સંતોષ માની ચલાવી લેવું પડતું. ઘણીવાર આવી સંસ્થાઓમાં જે રસોયા રસોઇ બનાવે તે સારી ભાવનાથી નથી બનાવતા હોતા. સારું કે સ્વાદિષ્ટ બનાવે તો બાળકો વધારે ખાઇ જાય. એટલે એમને વધારે રાંધવું પડે. વધુ મહેનત પડે, વળી સંસ્થાનું અનાજ કે બીજી ચીજો પણ વધારે વપરાય આવી ત્રિરાશી તેઓ માંડતા હોય છે. એટલે જે સમયે જે મળે, તે ભૂખ સંતોષવા ખાઇ લેવું પડે. આનાથી ખોરાક સ્વાદ ખાતર ખાવાનો પ્રશ્ન ઊભો જ ન થયો. શરીરના પોષણ માટે જે ખાવા મળે તે જરૂર પૂરતું ખાઇ લેવું. એના વિષે કદી બબડાટ કે ફરિયાદ જ નહિ. સ્વાદેન્દ્રિય ઉપર આમ સહજ રીતે નાનપણથી જ વિજય થઇ ગયો.

કદીક ભૂખ હોય પરંતુ પાસે પૈસા ન હોય એટલે કોઇ વસ્તુ લઇને ખાવી શી રીતે? એ પ્રશ્ન તે વખતના જીવનમાં હતો.

પૂ. શ્રી યોગેશ્વરજીએ પ્રાપ્ત થયેલી આ પરિસ્થિતિનો ઉપયોગ એમની જાતને ઘડવા માટે કર્યો. પૈસા ન હતા એટલે ગમે તેવું બહારથી ખાવાની આદતમાંથી બચી ગયા. વળી થોડી ભૂખ સહન કરી લેવાની પણ તાલીમ મળી ગઇ. પાછળથી અભ્યાસ દરમ્યાન કોઇકવાર ખૂબ ભૂખ લાગી હોય તો જે અલ્પ પૈસા પૂ. માતાજી કે મામા તરફથી મળતા તેમાંથી સીંગ કે ચણા લઇ કદીક ખાતા.



આમ ઈશ્વરે એમને ભવિષ્યમાં હિમાલયનાં એકાંત સ્થળોમાં રહી, સંપૂર્ણ અભાવો વચ્ચે વસી સાધના કરવાની તાલીમ જાણે કે આશ્રમ જીવનદ્વારા આપી. સાદાઇ ને સ્વાશ્રયી જીવનનો પાયો બાળપણથી એવો પાકો નંખાયો કે જીવનની કોઇ મુશ્કેલી-મુશ્કેલી લાગે જ નહિ. ગમે તેવી વિકટ પરિસ્થિતિ સાથે અનુકૂળ થઇ જવાની મન અને તનની શ્રેષ્ઠ તાલીમ એમને આ રીતે મળી ગઇ.

વળી પૈસાની છતને લીધે આવતાં કેટલાંક દૂષણોથી આમ પ્રભુએ એમની પ્રારંભના જીવનથી જ રક્ષા કરી. ઓછા પૈસાને લીધે જીવનની એમની જરૂરિયાતો પણ પહેલેથી ઓછી રહી. અને પાછલાં વર્ષોમાં ભક્તો ને ચાહકો તરફથી જ્યારે માંગે તેટલા પૈસા ને વસ્તુઓ મળવાની સ્થિતિ ઊભી થઇ, ત્યારેય એમણે પોતાની જરૂરિયાતો કદી વધારી નહિ. જરૂરત સિવાયની કોઇ પણ ચીજનો સંગ્રહ ન કરવાનો એમનો સ્વભાવ બની ગયો. એમના જીવનનો એક જ આદર્શ રહ્યો **Simple living and high Thinking** સાદુ જીવન અને ઉચ્ચ વિચારો.

પૂ. શ્રી યોગેશ્વરજી એકવાર સામાન તૈયાર કરી રહ્યા હતા. અમે તેમની બાજુમાં બેસી તેઓની આ પ્રવૃત્તિ નિહાળી રહ્યા હતા. જે પુસ્તકો કે ચીજોનો ઉપયોગ ન રહ્યો હોય તેવી બધી વસ્તુઓ તેઓ સામાનમાંથી કાઢી એક બાજુ મૂકી રહ્યા હતા. તેમાં રામાયણનું પુસ્તક પણ હતું. પૂ. શ્રી તેના ઉપર લેખન કરી રહ્યા હતા. એથી અમે કહ્યું, "આ પુસ્તક તો સાથે રહેવા દો. આપને તેની જરૂર પડશે."

તેઓએ તુરત જ કહ્યું, "હમણાં ચાર છ દિવસ એની જરૂર નથી, કારણ કે પ્રવાસમાં ઘણો સમય જવાનો. વળી જ્યાં જઈ રહ્યાં છીએ ત્યાં આ પુસ્તક મળી રહેશે. એટલે નકામો એનો ભાર રાખવો સારો નહિ. વળી આ પુસ્તક તમે કોઈ પાસેથી માગીને લાવ્યા છો. એટલે તેને પરત કરી દેવું સારું." પછી મને ઉદ્દેશીને કહે, 'નારણભાઈ, જે માણસે પરિવ્રાજક જીવન જીવવું હોય તેણે જીવનમાં કદી બીનજરૂરી વસ્તુઓનો સંગ્રહ ન કરવો, કે સાથે ન રાખવી. આવો સંગ્રહ કરનાર છેવટે આવી બીનજરૂરી વસ્તુઓના ભારથી એવો લદાઈ જાય છે કે કાં તો થાકી જઈ પરિવ્રાજક જીવનનો ત્યાગ કરી દે છે, કાં તો બીજાઓએ એનો એ બોજો વહેવો પડે છે.'

પૂ. શ્રીની આ વાત કેટલી બધી સાચી હતી! તેઓ જીવનભર પરિવ્રાજક રહ્યા. કોઈ સ્થળમાં કે કોઈ વ્યક્તિમાં કદી આસક્તિ નહિ, લગાવ નહિ. છતાં એટલો જ પ્રેમ. નિ:સ્વાર્થ પ્રેમ, જેનો જોટો જગમાં જડે નહિ.

(ક્રમશ:)

* સુવાક્ય *

સમાધિ -સુખ પ્રાપ્ત કરતો પુરુષ સ્ત્રી, પુત્ર વગેરે સર્વ કુટુમ્બી વર્ગ, મિત્રો તથા ધન, એ જાણે સ્વપ્નમાં દેખાતાં હોય અને જાણે કોઈ બીજા જન્મનાં હોય તેમ તેને દેખે છે.



# પરનિંદાનું પ્રાયશ્ચિત્ત

રતિલાલ ભાવસાર, વડોદરા

શ્રીરામકૃષ્ણ પરમહંસદેવના અંતરંગ ભક્તોમાં દાક્તર દુર્ગાચરણ નાગ પણ હતા, તેઓ 'નાગ મહાશય'ના નામે ઓળખાતા, સાધુપુરુષ કેવા હોઈ શકે એના તેઓ જીવતા જાગતા અને જ્વલંત દાખલારૂપ હતા, સ્વામી વિવેકાનંદના બોલ છે : 'જગતમાં હું બહુ ફર્યો, પણ નાગ મહાશય જેવો સાધુપુરુષ મેં કોઈ ઠેકાણે જોયો નથી!'

ખરેખર! સાધુપુરુષો જગત અને જનતામાં મહત્તા પામે છે, સેવા-પૂજા પામે છે તે એમનાં શુદ્ધ પવિત્ર મન અને આચારસિદ્ધ એવા ઉચ્ચ ઉદાત્ત ગુણોને લીધે! એવા કેટલાક ઉચ્ચ ગુણો એમ ને એમ સિદ્ધ થઈ જતા નથી. કોઈ સદ્‌ગુણ 'સહજ સ્વભાવ' બની જાય ત્યાં સુધી, પ્રસંગ અનુસાર, એને ઘૂંટી-ઘૂંટીને કેળવવો પડે છે, નાગ મહાશયની ગુણસમૃદ્ધિ વિશે ઘણી વાતો જાણવા જેવી છે, આ વાત શ્રીરામકૃષ્ણદેવના સમાગમમાં આવ્યા એ પહેલાંની છે.

એક વાર નાગ મહાશયે દુર્ઘટનામાં સપડાયેલી કોઈ વ્યક્તિ વિશે પોતાનો અભિપ્રાય ઉચ્ચાર્યો-અને વાતના વહેણમાં તેના દુરાચરણની થોડીક નિંદા પણ કરી.

પણ, ઘડીક પછી સાવધ થવાતાં નિંદા કરવાની પોતાની ભૂલ સમજાઈ-અને પસ્તાવાનો પાર ન રહ્યો! તરત જ પાસે પડેલો એક નાનો પથ્થર ઉપાડી ધડીંમ્ ધડીંમ્ દઈને પોતાના

માથામાં મારવા લાગ્યા! માથું ફૂટ્યું-અને લોહીની ધાર વહેવા લાગી!

માથાનો આ ઘા રુઝાતાં ખાસ્સો મહિનોમાસ લાગ્યો. આ વિશે તેઓ ઘણીવાર કહેતા : 'ઠીક થયું છે! પોતાની નીતિમત્તા વિશે અહંકાર રાખી, પારકાની નિંદા કરનારને તો આવી સજા થવી જ જોઈએ!'

નાગ મહાશયનો આ પ્રસંગ શ્રેયાર્થી માટે એક ઉત્તમ બોધપાઠ જેવો છે, પોતાનાં મન-હૃદયને શુદ્ધ-વિશુદ્ધ રાખવાની અભિપ્સા સેવનારે, હરકોઈ પ્રકારના અ-શુદ્ધ વિષયથી હંમેશાં અલિપ્ત રહેવું જોઈએ, અને, ઊભો થતો કોઈની ટીકા-નિંદાનો પ્રસંગ સાવધાનીથી ટાળવો જોઈએ. એની ઉપેક્ષા કે અવગણના જ કરવી જોઈએ.

સમજીએ તો, એક ઈશ્વર સિવાય સંસારમાં કોઈ સંપૂર્ણ નથી, માણસમાત્ર અ-પૂર્ણ છે. મૂળે ત્રિગુણાત્મક પ્રકૃતિના બંધારણથી એનામાં વધતા કે ઓછા-અને પ્રગટ કે સુપ્ત, ગુણ અને દોષ બંને હોવાના. એ મિશ્રાણમાંથી કોઈ સદંતર મુક્ત નથી. તુલસીદાસે કહ્યું છે તેમ-

સુમતિ કુમતિ સબ કે ઉર રહહીં ।
નાથ પુરાન નિગમ અસ કહહીં ॥

જુઓ ત્યારે, આ હિસાબે, કશીક દુર્ઘટનામાં ફસાયેલી વ્યક્તિના દોષ-દુર્ગુણના કાજી થઈને તેની ચર્ચા કરવી, તેની નિંદા કરવી કે તેના અવગુણ ગાવા, એટલે-'એવા લોકો કરતાં હું સારો છું-અને એવાતેવા દોષ-દુર્ગુણથી રહિત છું!'-એવી



આડકતરી રીતે જાહેરાત કરવાની કે બડાઈ હાંકવાની એક સફાઈબંધ રીત નહિ તો બીજું શું કહેવાય?

એ તો ખુલ્લી હકીકત છે કે, જેનું મન દૂષિત થયેલું હોય એ જ બીજાના દોષ જુએ-અને ટીકા-નિંદા કરવા પ્રેરાય! બીજાની ટીકા-નિંદા કરવામાં પોતાની જાતના સારાપણાનો અહમ્ કે દેખાડો તો હોય છે જ! અને એ ઉપરાન્ત, અંદરખાનેથી સામી વ્યક્તિ પરત્વે કંઈક અદેખાઈ, અણબનાવ કે તુચ્છકારનો ભાવ પણ કામ કરતો હોય! અને તેથી કરી, તેની ટીકા-નિંદા કરવા પાછળ એક જાતની છૂપી રસવૃત્તિ પણ જાગેલી હોય!

ગમે તેમ હોય, પણ એટલું તો નક્કી જ કે, ટીકા-નિંદાના વ્યક્ત થતા કલુષિત વિચારોમાં, સામાને સુધારવાની શક્તિ તો નથી જ! પણ ઊલટું, પોતાની જાતને તેમ જ સામાજિક વાતાવરણને બગાડવાની શક્તિ-શક્યતા તો એમાં ભરચકપણે ભરેલી છે! વ્યક્ત થતા વિચારોના તરંગોની વર્તુલાકાર ગતિનો નિયમ ભૂલવા જેવો નથી.

મનથી ઉપરની ઉચ્ચ આધ્યાત્મિક શક્તિ ધરાવતા સંત-મહાત્માઓની વાત જુદી છે. બાકી, સાધારણ રીતે, દુરાચારી માણસોને સુધારવાના શુભ હેતુથી, તેમની સાથે તેમના દુરાચાર વિરુદ્ધ વખતોવખત થતા વાદવિવાદને પરિણામે, સારા શુદ્ધ બુદ્ધિવાળા માણસ પણ, કેટલીક વાર દુરાચરણના અવળે પાટે ચડી ગયાના દાખલા નોંધાયા છે! બનવાજોગ છે કે, એ દુરાચરણનાં નામ જુદાં હોય કે એનાં સ્વરૂપ જુદાં હોય!

આમ થવાનું ખરું સૂક્ષ્મ કારણ આ :

એવા વખતે અંદરોઅંદર એ બૂરાઇને વીંટળાયેલી વિગતોની જે ઝીણવટભરી ચર્ચા થાય-જે ચોળાચોળ થાય-તે બધા વિચારોમાંથી શુદ્ધ બુદ્ધિવાળા માણસના મનને ઊંડે ખૂણે, એને બિલકુલ ખબર પણ ન પડે એ રીતે, કોઇ ને કોઇ વિકારી સંસ્કાર ખૂંપી જતા હોય છે. અને, એવું વારંવાર થતાં એ દૂષિત સંસ્કાર વધારે દૃઢતા પામીને, ક્યારે, કેવા સંજોગોમાં અને કયા પ્રકારે ફૂટી નીકળે અને કેવું પરિણામ ખેંચી લાવે એનું કશું ઠેકાણું નહિ!

મનોવિજ્ઞાનનાં સંશોધનો જણાવે છે કે, માનવીના મનનો એક એવો ગુણધર્મ છે કે કોઇ અ-શુદ્ધ કે ત્યાજ્ય વિષયનું ચિંતવન ભલેને ત્યાગવૃત્તિથી થાય તોપણ, તે વિષયને લગતા કેટલાક વિકૃત અને ચેપી વિચારો તેના અજ્ઞાત મન(**Unconscious Mind**)માં કાયમ રહી જવાના! આ તો પેલી કાજળકોટડી જેવું કહેવાય!

કાજરકી કોઠરીમેં કૈસો હિ સયાનો પૈઠે,
એક લીક કાજરકી લાગિ હૈ પૈ લાગિ હૈ!

કાજળની કોટડીમાં ગમે તેવો શાણો માણસ સાચવી-સંભાળીને પેસે, તોય તેને કાજળનો એકાદ ઘસરકો-લસરકો તો લાગવાનો જ!

આ હકીકત ધ્યાનમાં લઇ, પોતાનું શ્રેય ઇચ્છનારે, સદ્-અસદ્ પારખતા 'વિવેક' વડે પોતાની જાતને પણ સારી પેઠે અવલોકવી અને ઓળખવી, અને, પોતાની નીતિમત્તા વિશે હમ્મેશાં નમ્ર અને નિરહંકાર રહેવું. એ પરત્વેની



સવિશેષ અને સતત જાગૃતિ માટે અંતર્યામી ભગવાનની સહાય-મદદ માગવી.

કદીક પ્રસંગ પડ્યે, વાતોના વહેણમાં કોઇ પણ નિમિત્તે અને કોઇ પણ બાબતમાં બીજાની ટીકા-નિંદા ન થાય-અને ભૂલેચૂકે પણ તેની બૂરાઇની વિગતોમાં ઊતરી ન પડાય એની ખાસ ખબરદારી રાખવી.

અને, આ ઉપરાન્ત, દોષિત જણાતી કે ગણાતી વ્યક્તિ તરફ દિલમાં કોઇ પણ જાતનો દુર્ભાવ ન રાખતાં, તેના પ્રત્યે હિતાનુકંપા રાખવી, એવા ભૂલ્યા-ભટક્યા 'જીવ' પ્રત્યે તો ઊલટાનો વધારે સદ્ભાવ જગાડવાનો હોય! અશુભવૃત્તિનું નિવારણ શુભવૃત્તિ વડે જ થાય!

સંસાર બધો ઈશ્વરની સરજત છે. સૌ એક ઈશ્વરનાં સંતાન છે. અગ્નિના તણખાની માફક સૌના અંતરમાં ઈશ્વરનો અંશ રહેલો છે. એટલે, કોઇમાં ઉપર-ઉપરથી જે બૂરાઇ દેખાતી હોય-તે અંદરના ઊંડાણમાં ન હોય!

અને, એક બીજી વાત પણ,

કોઇ એક વખતે જોયેલા કોઇના વર્તનદોષને 'કાયમ' માની લેવાય એ ખોટું! સમયનાં વહેણ નિરંતર વહ્યા જ કરે છે-અને તે સાથે સંજોગોનાં સ્વરૂપ પણ બદલાયા કરે છે. એ સમય અને સંજોગની સાથે, અંદરની સમજણ બદલાતાં, આજે દેખાતી મલિનતા કાલે ધોવાઇને ગંગાનાં નીતર્યાં નીર જેવી નિર્મળ થઇ ગઇ હોય!

માનવવિકાસના ઈશ્વરીય નિયમ અનુસાર, હાલના

તબક્કે થઇ રહેલા વ્યક્તિગત વિકાસની ભૂમિકા પ્રમાણે, ઘડાતાં-ઘડાતાં શુદ્ધ થતો, દરેક માણસ રફતે રફતે 'પૂર્ણતા' એ પહોંચવાનો છે!

-સત્ત્વસંશુદ્ધિની આવી બધી ધ્યેયલક્ષી સંભાવનાઓ ધ્યાનમાં લઇ, સમજણપૂર્વક 'શુભદર્શી બની, દરેક જણમાં જે કંઇ સારા ગુણ હોય, તેનાં જે કંઇ સારાં લક્ષણો હોય, તેનું જે ઊજળું પાસું હોય એને જ માત્ર 'બિંદુમાં સિંધુ'ની માફક નીરખવું શ્રેયકારક!

શ્રીમા શારદામણિદેવીના આ છેલ્લા બોલ હ્રદયમાં કોતરી રાખવા જેવા છે :

'તમારે જો મનની શાન્તિ જોઇતી હોય તો,
કોઇના દોષ જોશો નહિ-દોષ જોશો પોતાના!
સૌને પોતાનાં કરીને જોતાં શીખો! જગતમાં
કોઇ પરાયું નથી, બેટા! જગત તમારું છે!'

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# પરમ કૃપાળુ મા

દામિની શાહ (કેનેડા)

પરમ પૂજ્ય મા!

મા તે મા. આ શબ્દો જ્યારે પૂ. મા પાસે બેસીએ છીએ ત્યારે કેટલા બધા યથાર્થ લાગે છે! તેમની પાસે બેસીએ, પછી ત્યાંથી ઊઠવાનું મન જ ન થાય. તેમની સાથે વાતો કરીએ તો ક્યારેય વાત બંધ કરીએ એમ ન થાય, જેમનું સ્મરણ હંમેશાં જીવનને નવી તાજગી, ધૈર્ય, સાહસ, આપે, તેવાં પ. પૂ. માના ચરણમાં જેટલા પ્રણામ કરીએ તેટલા ઓછા. સાચી રીતે જીવન જીવવાના ગુણ જેવા કે નમ્રતા, દયા, પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા, નિ:સ્વાર્થ સેવા, તેઓના જીવનમાં જોવા મળે. તેમનું જીવન કેટલું સરળ-શુદ્ધ હોય છે તે આપણને પ. પૂ. મા પ્રત્યક્ષ રીતે બતાવે છે. ત્યારે એ ગુણો જીવનમાં ઊતારવા જ જોઇએ એમ મારૂં માનવું છે. પ. પૂ. મા હંમેશાં પોતાનાથી વડીલ વૃદ્ધોને આદરભાવ પ્રેમ સાથે બોલાવે છે, પોતે આધ્યાત્મિકતાના અને તપસ્યાના સર્વોચ્ચ શિખરે બિરાજે છે. અને પ્રત્યક્ષ મા જગદંબારૂપે વિચરે છે, છતાં જ્યારે કોઇ પણ વડીલ હોય ત્યારે પ. પૂ. મા નમ્રતાથી, એમને પૂજનીય ગણી, હંમેશાં આદર અને માન આપે છે. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ મારા જીવનમાં બન્યું છે તે અહીંયાં વર્ણવું છું.

અમોને પ. પૂ. મા અને પ. પૂ. શ્રીમાં અપાર શ્રદ્ધા-ભક્તિ છે. હંમેશાં હું અહીંથી પ. પૂ. માના સત્સંગની

વાતો મારા અમદાવાદમાં રહેતાં પૂ. દાદા-દાદીને પત્રમાં લખતી. તે વાંચતાં તેઓને પણ પ. પૂ. માનાં દર્શન કરવાની ઇચ્છા થતી. પરંતુ બંને વૃદ્ધ છે, આંખે દેખાતું નથી. પાસે કોઇ નથી. તેથી હું જ્યારે ભારત જાઉં ત્યારે તેમને પૂ. માના દર્શન કરવા લઇ જઇશ એવી એમની ઇચ્છા હતી.

પરંતુ પૂ. માની કૃપા તો જુઓ! એમને ઇચ્છા થઇ અને પ. પૂ. માએ તે ઇચ્છા પૂરી પણ કરી. અહીં ટોરંટોથી ટોરંટો ધ્યાન કેન્દ્રના સંચાલક સત્સંગી ભાઇ શ્રી સુરેશભાઇ શાહ ભારત જવાના હતા. મેં તેમને વાત કરી કે પ. પૂ. માની આજ્ઞા લઇને જો બની શકે તો મારા પૂ. દાદા-દાદી ને પૂ. માનાં દર્શન કરાવવા લઇ જશો તો એમને ઘણો આનંદ થશે, અને શ્રીસુરેશભાઇએ એમની ઇચ્છા પૂરી કરી. પૂ. માની આજ્ઞા લઇને એમને પ. પૂ. મા પાસે લઇ ગયા. પૂ. મા માળ ઉપર હતાં. ત્યાં જઇને તેમને જણાવ્યું કે, "પૂ. દાદા-બા આવ્યાં છે. નીચે બેઠાં છે. તો આટલા બધા દિવસોના ઉપવાસ હોવા છતાં, પ. પૂ. મા તરત જ ઊભાં થઇ ગયાં" અને કહેવા લાગ્યાં કે, "જો એમનાથી ઉપર ચઢી શકાય તેમ ન હોય તો હું નીચે એમને દર્શન આપવા આવું છું!" ધન્ય છે! કેટલી કૃપા! કેટલું કૃપાળુ નમ્ર હૃદય! આવું તો કોઇ વિરલ વ્યક્તિ જ કરી શકે. જ્યારે મેં આ વાત જાણી ત્યારે મારી આંખમાંથી અવિરત અશ્રુધારા વહેવા લાગી. પૂ. દાદા-બા તો ઉપર જઇ શકે તેમ હતાં. તેથી ઉપર જઇ, પ. પૂ. માનાં દર્શન પામીને ધન્ય બન્યાં.

આ પ્રસંગ ઉપરથી વડીલો પ્રત્યે કેવી રીતે વર્તન કરવું જોઇએ, વડીલોને કેટલા માન-સન્માનથી બોલાવવા જોઇએ,



એ પ્રત્યક્ષ ઉદાહરણ આપીને પ. પૂ. મા આપણને પણ આ વાત જીવનમાં ઉતારવા જણાવે છે. તમારી પાસે ગમે તેટલી રિદ્ધિ -સિદ્ધિ હોય છતાં વડીલો, માતા-પિતા સમાન દરેક વડીલોને ખૂબ જ આદરભાવ-પ્રેમ આપી એમના આશીર્વાદ મેળવવા જોઇએ. તેનાથી જ જીવન સરળ-સુખી અને સમૃદ્ધ બને છે.

૧૯૮૮ માં પ. પૂ. માનો ૪૬ મો જન્મદિવસ કેલિકોર્નિયા -શ્રી ભગવાનભાઇ-કંચનબેને ઉજવ્યો હતો. તેની જો મુવી તમે જોશો તો જ્યારે પ. પૂ. મા હોલમાં આવે છે તો સૌ પ્રથમ પ. પૂ. શ્રીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. પછી પોતાના સ્વ. પૂ. માતા-પિતાને ભજનમાં ગાઇને વંદન કરે છે. પછી ત્યાં એમના પૂ. મોટાભાઇ-ભાભી જેઓ આ જન્મદિન નિમિત્તે આફ્રિકાથી કેલિફોર્નિયા આવેલાં હતાં તેમને સ્ટેજ ઉપરથી નીચે ઉતરીને એમની પાસે જઇને બંનેને વંદન કરે છે. જ્યારે આ જોઇએ ત્યારે હૃદયમાં કેવા ભાવ આવે છે? પ. પૂ. મા પ્રત્યક્ષ રીતે બતાવે છે કે હંમેશાં વડીલોને માન આપો. વંદન કરો. એમના આશીર્વાદ મેળવો. આવી જીવનની સરળતા, સચોટતા, નમ્રતા પ. પૂ. મામાં હંમેશાં જોવા મળે છે.

જે રીતે! શ્રીમદ્ રાજચંદ્ર પરમ કૃપાળુ દેવ કહેવાય છે તો પ. પૂ. માને પણ આપણે પરમ કૃપાળુ મા કહીએ તો તેમાં કાંઇ જ ખોટું નથી. સાચે જ તેઓ દરેક ઉપર પરમ કૃપા વરસાવ્યાં જ કરે છે.

પ. પૂ. માના ચરણોમાં શત શત પ્રણામ.

# સત્સંગમાંથી સાંપડેલું

રજનીભાઈ (મંગલેશ્વર)

ભગવાનને પામવા માટે કાંઈ જ કરવાનું નથી. એવું પૂ. સંપૂર્ણાનંદ બાપુ(મૌની ભિક્ષુ)નું કહેવું છે. જ્યારે પૂ. શ્રી મોટા જણાવે છે કે પુરુષાર્થ કર્યા વિના કાંઈ કશું નહિ મળી શકે. પૂ. સંપૂર્ણાનંદ બાપુ આમ કહે છે અને પૂ. મોટા આમ કહે છે, આ બંને વિધાનો પ્રાથમિક દૃષ્ટિએ અત્યંત વિરોધાભાસી લાગે છે. પણ બંને વિધાનોમાં કેવું માર્મિક સત્ય છૂપાવેલું છે તે તેઓશ્રીના સત્સંગમાંથી સાંપડ્યું છે.

પૂ. સંપૂર્ણાનંદ બાપુ જણાવે છે કે ભગવાન મેળવવા "કાંઈ જ નહિ કરવું." એ જે વિધાન છે તે ઘણી ઘણી ઊંચી કોટિની સમજથી કર્યું છે. આ બાબત સામાન્ય સમજથી સમજમાં નહિ આવે. અને આ બાબતને સ્વીકારી તે મુજબ તેનો અમલ કરનાર તો કોઈક વીરલો વીર લાખો, કરોડોમાંથી કોઈ એકાદ જણ નીકળે કે જે શ્રી રમણ મહર્ષિ કે શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા હોય.

ભગવાન મેળવવા કાંઈ પણ કરવું જેમ કે જપ, તપ, યોગ, ધ્યાન, સમાધિ, પૂજા, સેવા, ત્યાગ આદિ આદિ. એટલે આ બધી ક્રિયાઓ થઈ. ક્રિયાઓ થઈ એટલે કર્તા પણ આવ્યો જ. કર્તા વિના ક્રિયાઓ સંભવે જ નહિ. તો કર્તા આવ્યો એટલે "કર્તાપણું" "હુંપણું" "અહમ્‌ભાવ" "EGO" આવી જ ગયો. કે હું યોગી, હું તપસ્વી, હું ધ્યાની, હું સાધક,



હું પૂજક, હું સેવક. આવું આવી જ જાય. આવી જ જવાનું કારણ કે આ બધી ક્રિયાઓ છે. કર્તા છે. એટલે પ્રકૃતિ છે. અને ભગવાનને પામવા માટે તો "હુંપણા"ને "અહમ્‌ભાવ"ને તો નાબુદ કરવાનો છે.

કાંઈ પણ કરવામાં "અહમ્‌ભાવ" આવી જ જાય છે. તો તે અહમ્‌ભાવ જે ઉત્પન્ન થાય છે તે ન થાય તે માટે "કાંઈ જ ન કરવું" એ અર્થમાં પૂ. સંપૂર્ણાનંદ બાપુ કહે છે.

અને જે કાંઈ પણ કરીએ છીએ તે કરવા જતાં બીજું અનેકગણું આપણી પ્રકૃતિથી આપણે ઉપજાવી દઈએ છીએ. એક કર્મ કરવા જતાં બીજાં અનેક કર્મો આપણે પેદા કરી દઈએ છીએ. પૂ. મોટાએ એક ઠેકાણે જણાવેલું છે કે માનવી જગતમાં આવે છે ત્યારે કર્મનું જે પોટલું લઈને આવે છે તેના કરતાં અનેકગણું મોટું પોટલું લઈને જગતમાંથી વિદાય થાય છે.

આ રીતે તો કર્મનાં બંધન અગણિતપણે વધ્યા જ કરવાનાં અને આપણું "હુંપણું" "કર્તાભાવ" પણ વધુ ને વધુ પુષ્ટ થયા જ કરશે. તો "કર્મબંધન" અને "કર્તાભાવ"માંથી મુક્ત થવાનો ઉત્તમ ઉપાય તો એ જ છે કે "કાંઈ કશું કરવું જ નહિ."

પણ "કાંઈ કશું કરવું જ નહિ" એ આપણી પ્રકૃતિ બહારની વાત છે. આપણે સામાન્ય જીવદશાના માનવીઓ પ્રકૃતિથી ઘેરાયેલા આવરાયેલા છીએ. એટલે કાંઈક ને કાંઈક તો કરતા જ રહેવાના. આપણી પ્રકૃતિ એવી છે કે આપણે કાંઈ પણ કર્યા વિના રહી શકવાના જ નથી-રહી શકતા

નથી. તેથી વધુ ને વધુ ફસાઇએ છીએ. તો આમાંથી કોઇ ઉગરવા વારો ખરો? તો કહે હા, પુરુષાર્થ કરો.

એટલે હવે પૂ. શ્રી મોટાની વાત આવે છે કે પુરુષાર્થ કરો. પૂ. શ્રી મોટાએ પુરુષાર્થ કરવાનું કહ્યું છે તે યોગ્ય જ છે. બિલ્કુલ વિરોધાભાસી નથી.

આપણે ભગવાન મેળવવા ખૂબ ખૂબ જપ, ખૂબ કઠિન તપશ્ચર્યા, કષ્ટદાયક સેવા, ધ્યાન, સમાધિ વિ. કરીએ છીએ તેને આપણે પુરુષાર્થ કહીએ છીએ. ગણીએ છીએ. પણ આ સમજણ સાચી નથી. ખરી રીતે તો આ બધી ક્રિયાઓ છે. અને આ બધું કરીએ છીએ તે પરિશ્રમ કહી શકાય. અને આપણે જે કાંઇ પણ કરીએ છીએ તે પ્રકૃતિના ક્ષેત્રમાં રહીને કરીએ છીએ એટલે કે આશા-ઇચ્છા. કામના, લોલુપતા, અહમ્-રાગ-દ્વેષ-ઇર્ષા વિ. થી પ્રેરાઇને કરીએ છીએ. તો આ પ્રકૃતિને તો કાઢવાની છે. અહમ્‌ભાવ-કર્તાપણાનો ભાવ તો કાઢવાનો છે. કર્તાપણામાં રહીને અકર્તાપણાનો ભાવ લાવવાનો છે તે કરવાનું છે. તેનું નામ પુરુષાર્થ. એટલે પૂ. શ્રી મોટા જે કરવાની વાત કહે છે પુરુષાર્થ કરવાની તે આ બાબત છે. માટે ખરો પુરુષાર્થ કરવાનો તે જ છે કે આપણે આપણી વૃત્તિ કર્તાપણાની છે તેને અકર્તાપણામાં વાળવી. કર્તાપણામાં રહીને.

એક રીતે જોવા જઇએ તો આમાં તો ગીતામાતાનું હાર્દ છે. અર્જુને કહ્યું કે પ્રભુ, આ તો બધાં મારાં સગાંવહાલાં છે. કેમ કરીને મારવા? ત્યારે શ્રી પ્રભુએ કહ્યું કે હે અર્જુન, આતો બધાં મરેલાં જ છે. મેં મારી નાંખ્યા છે. પણ તું માત્ર મારું



નિમિત્ત થા. શ્રી પ્રભુની આજ્ઞા મુજબ અર્જુને કહી બતાવ્યું. કે હું કોઇનો સંહાર કરતો નથી. શ્રી પ્રભુ જ બધાનો સંહાર કરે છે. આમ દેખીતી રીતે અર્જુન કર્તા પણ ખરેખર કર્તા તો શ્રી પ્રભુ. એટલે અર્જુન પોતે અકર્તા. કર્મનું બંધન નહિ. તેથી તેનો મોક્ષ-મુક્તિ.

એટલે હાલ બધી ક્રિયાઓમાં કર્તાપણું આપણું છે તેના બદલે કર્તાપણું શ્રી ભગવાનનું લાવવાનું. તેવું કરવું તેનું નામ પુરુષાર્થ. આ કરવાનું છે. આ અર્થમાં પુરુષાર્થ કરવાનો છે. ક્રિયાઓ કરવાના અર્થમાં પુરુષાર્થ કરવાનો છે તે પુરુષાર્થ નથી. તે તો બધો પરિશ્રમ છે. ત્યાં થાક છે. મર્યાદા છે. જ્યારે આ પુરુષાર્થ કરવામાં કોઇ થાક કે પરિશ્રમ નથી. એટલે ભગવાન મેળવવા ખરેખર તો "કાંઇ કરવાનું જ નથી." હરિ:ૐ

વિષયધ્યાન ને સેવતાં, વ્યાકુલતા દુઃખ થાય;
તેનું ધ્યાનસેવન ત્યજે, પરમાનંદ પમાય. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# પનામાનો પુણ્ય પ્રવાસ

શ્રી રાજુ શાહ (કેનેડા)

૧૯ નવેમ્બરનો રવિવાર હતો. બપોરે બે વાગ્યા હતા. બહારથી ઘરમાં આવ્યાને પાંચ મિનિટ જ થઇ હશે ત્યાં ઓચિંતી ટેલીફોનની ઘંટડી રણકી. મારાં પત્ની જ્યોત્સ્નાએ ફોનનું રીસીવર ઉપાડ્યું તો સામેથી હરિ: ૐ અવાજ સંભળાયો.

અરે! આ તો પૂ. માનો મધુર સ્વર! પૂ. માએ તરત જ મને ફોન પર બોલાવ્યો. કહ્યું, "છોકરા, ચાલ તારે પનામા આવવું છે?" મેં જવાબમાં તરત જ હા પાડી દીધી. મારી તો ઘણા વખતથી ઇચ્છા છે. પૂ. માએ ઉમેર્યું "આજે અત્યારે જ તમારું સ્મરણ થયું ને વિચાર્યું કે હમણાં જ ફોન કરીએ ને જો રાજુભાઇ મળે તો તેને પનામા આવવાનું આમંત્રણ આપવું. વળી જો હમણાં ઘરે મળે તો પ્રભુની ઇચ્છા રાજુભાઇને લઇ જવાની છે એમ જાણવું." ને તમે તો મળી ગયા. ચાલો, હવે પ્રયત્નો તમારા હાથમાં છે. વાત પૂરી થઇ. રીસીવર નીચે મૂકાઇ ગયું.

અને પૂ. માની કૃપા તો જુઓ! એમને માટે કશું જ અશક્ય નથી. બીજે દિવસે સોમવારે સવારે હું પનામાની એમ્બેસીમાં રૂબરૂ મારો પાસપોર્ટ લઇને ગયો તો તરત જ મને કોઇ પણ વિશેષ પૂછપરછ વિના વિસાનો સિક્કો મારી આપ્યો. ત્યારે તરત જ મનમાં થયું કે આ અશાંત રાજકીય પરિસ્થિતિમાં પણ, આ બધી અનુકૂળતા કોણ કરે છે? વળી



અમારા મિત્ર શ્રી મહેશ પરીખ મારફતે બુકિંગની તપાસ કરાવી તો પૂ. મા જે પ્લેનમાં જવાનાં હતાં તે પ્લેનની જ ન્યુયોર્કથી સીટ પણ મળી ગઇ! વળી કેનેડાથી અમેરિકા જવાનું પણ રીઝર્વેશન મળી ગયું, ટિકિટ લઇ પણ લીધી. આમ બધે અનુકૂળતા ને અનુકૂળતા જ થઇ ગઇ.

હવે નોકરી ઉપરથી રજા મેળવવાનો પ્રશ્ન હતો. પણ પૂ. માની પાકી ઇચ્છાને પૂ. યોગેશ્વર પ્રભુની કૃપાથી ઓફિસમાંથી પણ કોઇ પણ પૂછતાછ કે આનાકાની વિના બાર દિવસની રજા તરત જ મંજૂર થઇ ગઇ!

આમ પૂ. મા સાથે મારું પનામા જવાનું સ્વપ્ન જાણે સાકાર બની રહ્યું. એથી શ્રદ્ધા વધવા લાગી. આ નાનકડા પ્રસંગમાં જે સહજ રીતે અનુકૂળતા મળી તે શ્રદ્ધાને વધારતી ગઇ.

તા. ૨૩ મી નવેમ્બરે ન્યુ જરસી પહોંચી ગયો. તા. ૨૪ મીએ શ્રી વિનોદભાઇ, સરોજબેન, શ્રી ભગવાનજી શ્રી કંચનબેન અને પૂ. મા સાથે અમે પનામા માટે પ્રસ્થાન કર્યું. પ્લેનમાં પ્રવેશ કરતાં જ પૂ. માને એક સાથે ત્રણ સીટ મળી ગઇ. પૂ. મા ગુરુદેવ પ્રભુના સ્વરૂપને સાથે લઇને નીકળે એટલે પૂ. ગુરુદેવ પ્રભુ પોતાની જગ્યા પણ હંમેશાં કરી લેતા હોય તેવું લાગ્યું. અમને પણ સારી સીટ મળી ગઇ. પૂ. માને એકધારા ઉપવાસો ચાલુ હોવાથી આરામ કરતાં કરતાં યાત્રા કરાવવાની સંભાળ પ્રભુએ જાણે કરી આપી.

અઢી કલાક પછી માયામી એરપોર્ટ ઉપર ઉતર્યા. દોઢ કલાક ત્યાં રોકાવાનું હતું. પૂ. માને તો આજે નિર્જળા

ઉપવાસ હતો પણ અમારી ચિંતા એમને સતત થયા કરતી. અમને સૌને વારાફરતી નાસ્તો કરવા મોકલી આપ્યા. આખરે તો એ અમારી મમતાળુ મા ખરીને?

સાંજે છ વાગ્યે અમારૂં પ્લેન માયામીથી ઉપડ્યું. તેમાં તો સૌને આરામ કરતાં કરતાં જવાય તેવી જગા મળી. રાત્રે ૮-૩૦ વાગ્યે પનામાના એરપોર્ટ ઉપર અમે ઉતર્યા. કસ્ટમમાંથી તો શ્રી ધનજીભાઇની સહાયથી તરત જ બહાર નીકળી ગયા.

બહાર ઘણી મોટી સંખ્યામાં ફૂલહાર સાથે સૌ ભાઇબેનો પૂ. માની પ્રતીક્ષા કરતાં હતાં. તરત જ ત્યાંથી મંદિરે થઇ ઉતારા ઉપર પહોંચી ગયા.

ઉતારા ઉપર પણ પૂ. માનું પુષ્પહાર ને આરતીથી સ્વાગત થયું. પછી તુરત જ પૂ. માએ સૌ પ્રથમ શ્રી ગુલાબબેનને ભોજન લેવાની વિનંતિ કરી. શ્રી ગુલાબબેને પૂ. મા પધાર્યા તેથી ઘણાં લાંબા સમય પછી આજે પ્રથમવાર ભોજન લીધું. ધન્ય છે એમની પૂ. મા પ્રત્યેની ભક્તિને.

વળી શ્રી ગુલાબબેનની ઉદારતા તો જુઓ. તેમણે પોતાનું આખું ઘર શ્રી કંચનબેન ને સરોજબેનને સોંપીને કહ્યું, "આજથી તમે મારાં યજમાન, હું તમારી મહેમાન. પૂ. માની સેવા ને સંભાળ તમે જ રાખજો. સંતની સેવા મને ના આવડે. તમે જ કરો," વળી પૂ. માને કહ્યું, "મા, મારૂં ઘર તો ખૂબ નાનું છે કાંઇ તકલીફ પડે તો ક્ષમા કરજો." પૂ. માએ તરત જ કહ્યું, "ઘર ભલે નાનું હોય, પણ તમારૂં દિલ નાનું નથી, તેથી જ તો અમે તમારી ભક્તિથી જ ખેંચાઇને પનામા આવ્યાં છીએ. અમે તો કપૂરામાં ગામડામાં જ જન્મ્યાં ને મોટાં થયાં છીએ. અમને કોઇ તકલીફ ના પડે. તમે ચિંતા ના કરશો."



પૂ. મા પાસેથી વિદાય થઇ અમે અમારો જ્યાં ઉતારો હતો તે બીજાં ગુલાબબેન તથા શ્રી રણછોડભાઇને ત્યાં ગયા. એમના ઘરે અમે આઠ દિવસ રહ્યા. એમણે પ્રેમપૂર્વક અમારી સંભાળ રાખી. એમનું આતિથ્ય પ્રશંસનીય જ નહિ, પરંતુ વંદનીય હતું. રાત્રે સત્સંગમાં લઇ જવા લાવવાની બધી સગવડ તથા મોડીરાતે પણ વિવિધ જાતનાં ગરમ ગરમ ભોજન જમાડવાની તેમની ભાવના સાચે જ એક આદર્શ પ્રેમાળ માતાપિતાની યાદ અપાવે તેવી હતી. અમારે તો એમની સાથે કોઇ પૂર્વ પરિચય ન હતો કે લોહીની સગાઇ પણ ન હતી. છતાં તે દંપતીએ અમારી જે સરભરા કરી તે જીવનભર ભૂલાઇ એમ નથી. પનામાની ધરતી ઉપર ભારતીય સંસ્કૃતિની 'अतिथि देवो भव'ની ભાવનાને જીવંત થતી અમે શ્રી ગુલાબબેન તેમજ શ્રી રણછોડભાઇમાં જોઇ. સાચે જ એ દંપત્તીને ખૂબ ખૂબ ધન્યવાદ.

બીજા દિવસથી જ ટેકરી ઉપરના એ ભવ્ય મંદિરમાં પૂ. માનો સત્સંગ પૂરા આઠ દિવસ ચાલ્યો. દરરોજ પૂ. મા સમયસર પધારે, પ્રભુના સ્વરૂપને આસન ઉપર પધરાવે. મંદિરના દેવી દેવતાને પ્રણામ કરી બેઠક લે અને પૂ. મા પોતાનો વાર્તાલાપ એક દોઢ કલાક આપે. ક્યાંયે પણ અટક્યા વગર એકધારો વાણીનો પ્રવાહ વહેવા લાગે જેમાં જીવન ઘડતરની વાતો, પ્રાર્થનાની શક્તિની વાતો ને ગુરુભક્તિના મહિમાનું ગાન સાંભળવા મળે.

પૂ. માના આગમનની રાહ જોઇને યુવાનવર્ગ બહાર ઉભો હોય. તે પણ પૂ. માની ગાડી આવતાં ચૂપચાપ મંદિરમાં ગોઠવાઇ જાય. એક ટાંકણી પડે તો પણ અવાજ સંભળાય એવી શાંતિ ને શિસ્ત પનામાના આ મંદિરના સત્સંગમાં જોવા મળ્યાં. સત્સંગ પછી પણ સૌ શાંતિથી બેસી જ રહે. સૌ પ્રથમ પૂ. મા શાંતિથી વિદાય લે. આવી શિસ્ત મેં મારા જીવનમાં પ્રથમવાર જોઇ.

પૂ. માની સાથે પનામા શહેરનું પણ દર્શન થયું. કુદરતી પહાડો ને લીલાછમ ખેતરો વચ્ચેથી પસાર થઇ કોલોન નામના શહેરમાં પણ જવાનું બન્યું, વળી શ્રી વસંતભાઇ ને શ્રી ગુલાબબેનના પ્રેમાળ સ્વભાવથી પરિચિત થવાનું બન્યું, શ્રી રમીલાબેન તથા શ્રી નટવરભાઇની સેવા પણ નોંધપાત્ર રહી. પનામામાં વસતા ભક્ત સમાજના બધા જ ભાઇબેનોને ત્યાં જવાનું ને મળવાનું બન્યું. સાચે જ જાણે આ યાત્રા જીવનનું એક યાદગાર સંભારણુ બની ગઇ.

વિશેષ તો ભારતનું સ્મરણ કરાવે એવા પનામા જેવા નાનકડા દેશનું દર્શન પૂ. માની કૃપાથી થઇ શક્યું. પૂ. મા સાથે આ મારો લાંબો પહેલો પ્રવાસ હતો. પરિણામે એમને વિશેષ રીતે સમજી શક્યો. અને એમના સુકલકડી જેવા દેહ મંદિરમાં પ્રભુની દિવ્ય વિરાટ શક્તિ કાર્યાન્વિત થઇ રહી છે, તે પ્રત્યક્ષ જોઇ શક્યો. સાચે જ, પનામાનો આ મારો પુણ્યપ્રવાસ દેશ દર્શન, ભક્ત દર્શન અને સાથે સાથે પૂ. માના સાચા ભગવતી સ્વરૂપનું દર્શન કરાવનારો બની ગયો. પ્રભુની કૃપા સિવાય જીવનમાં આવો લાભ શી રીતે મળે?



# જવાબ જડી ગયો

નારાયણ હ. જાની

એક ભક્તે સ્વામી શારદાનંદજીને કહ્યું, "મહારાજ, પ. પૂ. રામકૃષ્ણદેવની ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થા જોઇને મને વિશ્વાસ થયો છે કે તેઓ પરમાત્મા પોતે જ છે. પરંતુ મને એ નથી સમજાતું કે શ્રીશ્રી મા શારદાદેવી એ પરમ ભગવતી સ્વરૂપ જગદંબા પોતે જ છે."

સ્વામી શારદાનંદ:-હે ભાઇ, જો તને પ. પૂ. શ્રી રામકૃષ્ણદેવને પ્રભુના અવતાર અથવા પ્રભુ પોતે જ એવું સમજવામાં સફળતા મળી હોય તો ભલા આવી શંકા ઉઠવાનું કારણ જ ક્યાં રહે છે?

ભક્ત:-(સંકોચ સાથે) ગમે તેમ પણ મારી આ શંકાનું હું સમાધાન કરી શકતો નથી.

સ્વામી શારદાનંદ:-તો તો પ. પૂ. રામકૃષ્ણદેવ પ્રભુ પોતે જ છે, તે પૂરેપૂરી ને સાચી રીતે તું સમજ્યો જ નથી.

ભક્ત:-માફ કરજો મહારાજ. મને પ. પૂ. રામકૃષ્ણદેવના ઈશ્વરના અવતાર વિષે કોઇ શંકા નથી.

સ્વામી શારદાનંદ:-(ભારપૂર્વક) હે મૂર્ખ, તો તું શું એમ માને છે કે ભગવાન પોતે કોઇ છાણાં વીણતી સ્ત્રીની છોકરી સાથે પરણી ગયા? **"Do you then mean to say that God married the daughter of a**

cow-dung-cakes gathering woman?"

સ્વામી શારદાનંદ:-પ. પૂ. મા શ્રી શારદાદેવીને આપણે શું સમજી શકીએ? આમ છતાં હું એમ કહી શકું એમ છું કે એમના જેવો મહા આત્મા મેં બીજો કોઈ જોયો નથી, અને હું ભવિષ્યમાં પણ જોઈ શકીશ કે કેમ એવી મને શંકા છે. પ. પૂ. મા શ્રી શારદાદેવીની શક્તિ અને ઐશ્વર્યને યથાર્થરીતે ઓળખવાની ગુંજાશ આપણામાં નથી. એમનામાં મેં જેવી મમતા જોઈ છે એવી જ અનાશક્તિ પણ નીરખી છે. એમને રાધુ માટે ખૂબ ભાવ હતો. પરંતુ અંતિમ દિવસોમાં તેઓએ મને કહ્યું, "એને મારી પાસેથી દૂર લઈ જાઓ."

મેં પૂછ્યું, "હે મા, શું તમે રાધુને સાચે જ આજે દૂર લઈ જવાનું કહી રહ્યાં છો? પરંતુ તમને જ્યારે તેને મળવા ને જોવાની ઈચ્છા થઈ આવશે ત્યારે શું થશે?"

પૂ. માએ જવાબ આપ્યો, "ના, હવે મને એને માટે તલમાત્ર પણ લગાવ કે આસક્તિ નથી. એને અહીંથી દૂર લઈ જાઓ."

(આ એક માની ન શકાય એવી વાત હતી; પરંતુ તે સત્ય ઘટના બની.)

સ્વામી શ્રી શારદાનંદજીની આ વાતો વાંચીને અમારા ગુરુદેવ પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ તેઓના સંપર્કમાં આવેલ હજારો બહેનોમાંથી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પસંદગી કેમ કરી? એનો જાણે અમને જવાબ જડી ગયો. પ. પૂ. ગુરુદેવ તો મા જગદંબાના પરમ ઉપાસક ને અનન્ય ભક્ત હતા. મા ભગવતીની ઉત્કટ ને એકધારી ઉપાસનાને પરિણામે તેઓ



સ્વયં ભગવતી સ્વરૂપ બની ગયેલા એની પ્રત્યક્ષ અનુભૂતિ પણ પૂ. ગુરુદેવે એક પ્રસંગે અમને કરાવેલી.

સને ૧૯૮૨ ની વાત છે.

પૂ. ગુરુદેવ ભાવનગરથી અમદાવાદ મોટરમાં પાછા જઈ રહ્યા હતા. પૂ. મા શ્રી સર્વેશ્વરી પણ સાથે હતાં. મારે ને મારાં પત્નીને તે જ દિવસે જરૂરી કામે મુંબઈ જવાનું હતું. એટલે પૂ. શ્રીએ અમને અમદાવાદ સુધી તેઓની ગાડીમાં જ સાથે આવવા જણાવ્યું.

ભાવનગર શહેરની બહાર નીકળતાં જ પૂ. શ્રી યોગેશ્વરજીએ કહ્યું, "નારણભાઈ, આપણે ખોડિયાર માતાજીનાં દર્શન કરીને જઈએ તો કેવું?" એથી અમે ડ્રાયવરને એ મુજબ સૂચના આપી.

ખોડિયાર માતાજીના મંદિરે જઈ પૂ. શ્રી તો માતાની મૂર્તિ સમક્ષ શાંત ઊભા રહી ગયા. ઘણાં બધાં દર્શનાર્થીઓ તે દિવસે હતાં. એ ગીરદીમાં પૂ. શ્રી તો મા જગદંબાની સ્તુતિમાં તલ્લીન બની ગયા. પછી મસ્તક નમાવી મંદિરના દરવાજા તરફ આવી ગયા.

પરંતુ એટલામાં એક અજબ ઘટના બની. માતાજીના વૃદ્ધ પૂજારી આમ તો સાવ મેલાઘેલાં વસ્ત્રોવાળા-ને કોઈ આધ્યાત્મિક વ્યક્તિ કરતાં કોઈ વ્યસની જેવા લાગે. પરંતુ વ્યક્તિની ભીતરમાં કેવી જાગ્રત્ ચેતના પડેલી છે એની ખબર આપણને ક્યાંથી પડે? એ પૂજારી એકદમ એમના સ્થાન પરથી ઊભા થયા. મા શ્રી ખોડિયારની મૂર્તિ ઉપર ચઢાવેલો એક સરસ હાર એક હાથમાં લીધો ને બીજા હાથમાં

નાળિયેરની કાચલીઓ ને સાકરનો પ્રસાદ. તેઓ ઝટ પૂ. શ્રી અને અમે બહાર નીકળવાના મંદિરના ભાગ આગળ ઊભા હતા ત્યાં આવ્યા. ને પૂ. શ્રીના ગળામાં લાવેલ સરસ હાર પહેરાવી દીધો તથા પ્રસાદ એમના હાથમાં આપ્યો.

પછી એમના ચરણમાં પડતાં કહે, "આજ મારી મા ખોડિયાર જીવતી જાગતી છેને?" આ આકસ્મિક ઘટનાથી અમને ભારે આશ્ચર્ય થયું. એક સામાન્ય લાગતા પૂજારીને આવો ભાવ શી રીતે થઈ આવ્યો, તે અમોને સમજાયું નહિ. પરંતુ લાગ્યું કે મા ભગવતી તેને કૃપા વરસાવવી હોય ત્યારે ગમે તેને માધ્યમ બનાવી તેનું કાર્ય કરી લેતી હોય છે.

આવી ઊંચી આધ્યાત્મિક અવસ્થાએ પહોંચેલ મહાપુરુષ કોઈ સાધારણ વ્યક્તિને તો પોતાની સાધનાનાં સર્વે રહસ્ય બતાવી, તેને પોતાનાં આધ્યાત્મિક વારસ ન જ બનાવે ને?

હજારો શિક્ષિત બહેનોના સમુદાયમાંથી પ. પૂ. શ્રી યોગેશ્વરજી કોઈ આત્મિક રીતે અતિ ઉચ્ચ કે અસાધારણ ન હોય એવી વ્યક્તિની પસંદગી ન જ કરેને? તેઓ તો કેવળ મા ભગવતી સ્વરૂપ મા શ્રીશ્રી શારદાદેવી જેવાં નખશીખ પવિત્ર, તપસ્વી, પ્રેમાળ, વાત્સલ્યમૂર્તિ છતાં અનાસક્ત ને નિર્મોહી એવાં મા શ્રી સર્વેશ્વરીને જ પસંદ કરે ને?

આમ મા શ્રી સર્વેશ્વરીની પસંદગી તથા આધ્યાત્મિક યોગ્યતાનો તોડ મા શ્રી શારદાદેવી અંગેના સ્વામી શ્રી શારદાનંદજીના જવાબમાંથી અમને જડી ગયો.



# સદ્ભાવભરી ભેટ (ચાલુ)

રૂા. ૧૦૧ શ્રી મોરબીનાં એક સાધકબેન તરફથી.

રૂા. ૫૧ શ્રી હરસુખરાય ગંગારામ પંડ્યા, રાજકોટ.

રૂા. ૯૭ શ્રી ધીરજભાઈ મોધરિયા, ધાંગધ્રા.

રૂા. ૧૧ શ્રી વિરેન્દ્ર કે. ભટ્ટ, મોરબી-નવી મોટરસાયકલ ખરીદતાં.

રૂા. ૫૧ શ્રી સુષ્માબેન કમલેશભાઈ સારંગ, સુરત.

રૂા. ૧૦૧ ગં. સ્વ. શ્રી મંગળાબેન ગોપાળભાઈ પટેલ, અમદાવાદ.

રૂા. ૧૦૧ સ્વ. શ્રી તારાબેન ગિરીજાશંકર ત્રિવેદી, અમદાવાદ.

રૂા. ૫૧ શ્રી મનુભા એમ ઝાલા, અમદાવાદ.

રૂા. ૫૧ શ્રી કુમુદચંદ્ર એ. ત્રિવેદી, અમદાવાદ.

રૂા. ૧૦૧ શ્રી ગુલાબબેન મોરારભાઈ ભક્ત.

રૂા. ૧૧ શ્રી શકુબેન ભક્ત, ઓરણા.

રૂા. ૧૦૧ શ્રી નીરૂબેન પ્રવીણભાઈ ભક્ત, સાન્ટીયાગો, અમેરિકા.

રૂા. ૫૧ શ્રી સવિતાબેન લલ્લુભાઈ ભક્ત, કપૂરા.

# સુતરને તાંતણે

શ્રી ધનજીભાઈ સુતરીયા

. સુતરનો સામાન્ય તાંતણો રક્ષક બની શકે ખરો? સંતના હાથની પ્રસાદી દવા બની શકે ખરી? શ્રાદ્ધાળુ ભક્તો એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં અનુભવથી સૂર પૂરાવતા જણાય છે. જેના પર કૃપા થાય તેને એ સત્ય સમજાય, એના સમર્થન રૂપે નીચેની સત્ય ઘટના અહીં રજુ કરું છું.

મારાં પત્ની મધુકાન્તાને માર્ચ ૧૯૮૯ થી નિયમિત ડોક્ટરી તપાસ ચાલુ થઈ. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેના શરીરની ફરિયાદ વધતી ગઈ. ડોક્ટરે છેવટે કહ્યું, "તમારું વજન હવે ખૂબ વધે છે તો તમારે જીવવું હોય તો ગર્ભપાત કરાવો અથવા વજન ઘટાડો." અમે વજન ઘટાડવાના ઉપચારો શરૂ કર્યાં. દવા, કસરત ને છેવટે એક જ ટંક સાદો ખોરાક છતાં વજન તો વધતું જ જાય. ડોક્ટરની ચિંતા વધી. અમને પણ મુંઝવણ થવા લાગી. છેવટે પ્રભુની પ્રાર્થના ચાલુ કરી છતાં વજન દર અઠવાડિયે વધ્યાં જ કરે, કોઈ ઉપાય ન હતો. અમારી ચિંતા દિનપ્રતિદિન વધતી જતી હતી.

તે દિવસો દરમ્યાન અચાનક શ્રી વિનોદભાઈના ઘરે સત્સંગનું આમંત્રણ મળ્યું. ત્યાં ગયા તો વળી આશ્ચર્ય વચ્ચે પૂ. માનું દર્શન થયું. પૂ. માના અચાનક આગમનથી તા. ૨૨/૧૦/૮૯ ના રોજ સૌને ખૂબ ખૂબ આનંદ થયો. મને ને મારા પરિવારને લાગ્યું મા જાણે અમારા માટે જ આવ્યાં છે.



દર્શનમાત્રથી મનને ઘણી હળવાશ થઈ ગઈ.

શ્રી વિનોદભાઈના ઘરે પ્રભુની પૂજા ને પ્રતિષ્ઠા થઈ. પૂ. માના સત્સંગનો દેવદુર્લભ લાભ મળ્યો. સૌ પ્રસાદ લઈ વિદાય થયાં. મધુકાન્તાએ જ્યારે પૂ. માને પ્રણામ કર્યાં ત્યારે અચાનક પૂ. માએ પાસે પડેલી પૂજાની થાળીમાંથી નાડાછડીનો એક દોરો હાથમાં લીધો ને કહ્યું, "તમારો જમણો હાથ બતાવો જોઉ!" એમ કહી દોરો બાંધીને ફરી પ્રભુના સ્વરૂપ તરફ હાથ બતાવી કહ્યું, "પ્રભુ, આની રક્ષા કરજો." મધુ ઉભી થવા જતી હતી ત્યારે વળી પૂ. માએ પૂછ્યું, "જપ ચાલે છે ને? ચાલુ જ રાખજો." બસ આટલી જ વાતચીત પછી અમે વિદાય લીધી.

પૂ. માએ કંઈ પણ પૂછ્યા વગર, જાણ્યા વગર અચાનક રક્ષા બાંધી ત્યારે અમે એમ માન્યું, પ્રભુ પ્રાર્થનાનો જવાબ કદાચ મા પાસે જ અપાવતા હશે. રક્ષાથી અમને તો ખૂબ હળવાશ થઈ. પૂ. માએ પણ જાણ્યે અજાણ્યે બધો ભાર પ્રભુને જ સોંપ્યો હતો ને?

તે જ દિવસે સાંજે નિયમ પ્રમાણે ડોક્ટર પાસે જવાનું હતું. જાણતાં જ હતાં કે ખૂબ કડક સૂચના મળશે વજન ઘટાડવાની. પણ ડોક્ટર પાસે જવું તો પડે જ, એટલે ગયાં. વજન કર્યું. ફરી ફરી વજન કર્યું તો એજ આંકડો! ડોક્ટરને નવાઈ લાગી. ડોક્ટર બોલી ઉઠ્યા, **"It is a miracle!"** અમે જોયું. એમને પણ નવાઈ લાગી, વજન ત્રણ પાઉન્ડ ઓછું થયું હતું! ખૂબ ખૂબ આનંદ સાથે અમે એ વાતને વધાવી લીધી.

પછીના અઠવાડિયે પણ કોઈ પણ જાતની દવા કે

ખોરાકના ફેરફાર વગર વજન ઓછું થયું. પછી તો નિયમિત વજન ઘટ્યું ને મેડીકલ સાયન્સના નિયમ મુજબનું વજન થઇ ગયું.

દિવસો સુધી જે દવાથી ના થયું, કડક પરેજી પાલનથી ના થયું, જે ઉપચારોથી કે પ્રાર્થનાથી ના થયું તે પ્રભુની પેલી નાનકડી રક્ષાએ કરી બતાવ્યું. પૂ. માએ ભાર સોંપ્યો ને પ્રભુએ તે જાણે ઉપાડી લીધો હોય એવું એમને લાગ્યું.

હળવા થઇ ગયાં. ચિંતામાંથી, ભયમાંથી! પણ તે ક્યાં સુધી? તા. ૨૩/૧૧/૮૯ ના રોજ ડોક્ટરે કહ્યું, "આવતી કાલે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે. દાખલ થઇ જાવ."

ફરી ચિંતા, ભય, મુંઝવણ, શંકા ચાલુ થયાં. શું પ્રભુની રક્ષા બંધાઇ છે છતાં ઓપરેશન કરાવવું પડશે? સતત મુંઝવણ વચ્ચે સવાર પડી.

પૂ. મા તા. ૨૪ મીની સવારે તો પનામા જનાર હતાં. ફોન પર વાત થતાં જ પૂ. માએ કહ્યું, "મધુબેનનું જીવન બચે એજ મહત્ત્વનું છે," "જે હરિ કરશે તે મમ હિતનું એ વિશ્વાસ ત્યજાય નહીં." ને પૂ. મા તો વિદાય થઇ ગયાં.

તે સવારે હોસ્પીટલમાં ઓપરેશનની બધી જ તૈયારી થઇ ગઇ હોવા છતાં ઓપરેશન બંધ રાખવાનો ડોક્ટરે અચાનક નિર્ણય લીધો. ઘરે જવાની પણ તેમણે એક વાર તો સૂચના આપી. પણ ફરી વિચારણાને અંતે મધુબેનની ફરીથી શારીરિક તપાસ ચાલુ થઇ. છેક ૧૦ વાગ્યે જણાવ્યું કે ગર્ભમાં રહેલા બાળકની નાડી ધીમી ચાલી રહી છે. વળી ૧૨ વાગ્યે જણાવ્યું કે બાળક ગર્ભમાં મૃત્યુ પામ્યું છે. અમે એ



સમાચાર આઘાત સાથે આવ્યા. વળી ડોક્ટરે કહ્યું હવે તો મધુનું જીવન વધુ જોખમમાં મુકાયું છે. ઓપરેશન કરીને જ મૃત બાળકને બહાર લાવવું પડે ને એમ કરવા જતાં મધુનું જીવન કદાચ નહીં બચે. હવે શું થાય? અમારી ચિંતા વધવા લાગી. મુંઝવણની એ પળોમાં "ૐ યોગેશ્વર રક્ષ મામ્"ના મંત્ર ને પ્રાર્થના ચાલુ જ હતાં.

ડોક્ટરો છેક ત્રણ વાગ્યા સુધી કોઇ નિર્ણય ના લઇ શક્યા. છેવટે તે ભારતીય ડોક્ટરે ભગવદ્‌ગીતાને ઉઘાડીને ૧૫ મો અધ્યાય પોતાની કેબીનમાં જઇને વાંચ્યો ને પછી અમને કહેવા લાગ્યાં. "રાત્રે નવ સુધીમાં સામાન્ય પ્રસુતિ ના થાય તો પછી ફરજીયાત ઓપરેશન કરવું પડશે. ત્યાં સુધી રાહ જુઓ."

મૃત બાળક ગર્ભમાં હોય તો મધુનું જીવન પણ ભારે જોખમમાં હતું. એ મુંઝવણ, ચિંતા ને ભય વચ્ચે પણ અમારી પ્રાર્થના ચાલુ જ હતી. રાત્રે નવ સુધી પ્રાર્થના સિવાય બીજો કોઇ ઉપાય ન હતો.

મધુની રક્ષાનો પ્રશ્ન હવે કટોકટી ભર્યો બની ગયો હતો. શું થશે? છેવટે અમારી સતત પ્રાર્થના વચ્ચે રાત્રે નવ વાગ્યે પ્રભુકૃપાથી સામાન્ય પ્રસુતિ દ્વારા જ મૃત બાળક બહાર આવ્યું. મધુના શરીર ઉપર કોઇ શસ્ત્રનો (ઓપરેશનનો) પ્રયોગ ના કરવો પડ્યો. ઘણા કલાકો સુધી મૃતબાળક ગર્ભમાં રહ્યું છતાં મધુના શરીરની સંપૂર્ણ રક્ષા પ્રભુએ આશ્ચર્યકારક રીતે કરી.

મૃતબાળકની ડોક્ટરી તપાસ થઇ. તરત જ ડોક્ટરે મને

પાસે બોલાવી કહ્યું, "જોયું! આ બાળકના શરીરની દુઃખદ દશા! તારે જીવનભર જોવી પડત, તું નશીબદાર છે. તેનું દુઃખ જોવામાંથી તને બચાવી લીધો. ને મધુની પણ અજબ રીતે જીંદગી બચી ગઈ."

મને પણ એ મૃત બાળકને જોતાં ખ્યાલ આવ્યો કે એ બાળક વિચિત્ર ખોડવાળું ને દુઃખી થવા જ સર્જાયેલું હતું. જીવ્યું હોત તો જીવનભર હોસ્પીટલમાં જ તેને રહેવું પડયું હોત. એથી જ હે પ્રભુ તેં જે કર્યું તે સૌના કલ્યાણ માટે જ કર્યું હશે ને! તારી લીલા અમે શું જાણી શકીએ?

આ બાળકને મૃત્યુ એ આશીર્વાદરૂપ થયું, કારણ કે શરીરના દુઃખથી બચી ગયું. મૃત્યુ જાણે એને માટે વરદાનરૂપ ઠર્યું. એમ માની પ્રભુનો આભાર માનતાં પ્રાર્થના કરી.

સુતરના સામાન્ય તાંતણામાં જો પ્રભુનું નામ ભળે તો તેમાં અનંત શક્તિનો આવિર્ભાવ થતો હશે એ સત્ય મધુના જીવનની રક્ષાથી અમને સમજાયું. બાળકને કાયમી શારીરિક પીડામાંથી મુક્તિ આપી, એની યાતના હરી લીધી.

ૐ યોગેશ્વર રક્ષમામ્ મંત્રની સમર્થતાનો ખ્યાલ આવ્યો. અને પૂ. માના શબ્દો તો સાચે જ આ ઘટનાથી જીવનમાં વણાઈ ગયા!

"જે હરિ કરશે તે મમ હિતનું." એ નિશ્ચય બદલાય નહિ.

હે પ્રભુ! અમારી હાલમ ડોલમ થતી શ્રદ્ધાની દીવડીને તું જીવનભર જલતી રાખ્યાં કરજે.

વારંવાર તારા શ્રી ચરણે એજ પ્રાર્થના છે.

## કાઠિયાવાડના કદરદાન રાજાઓ

૧

### પોરબંદર

મહાત્મા ગંધીજીના દાદા ઉત્તમચંદ ગાંધી પોરબંદરના દીવાન હતા. એ દરમિયાન એમના બે પુત્રોનાં લગ્ન લેવાયાં. સાત દિવસના આ લગ્ન સમારંભમાં આમંત્રિત પોરબંદરની આખી પ્રજાએ પોતાના પ્રિય દીવાન પર લગ્ન ભેટોનો વરસાદ વરસાવ્યો. પણ દીવાને તો એ બધીની નોંધ રાખી લગ્ન પતતાં રાણાને ચરણે ધરી. અને કહ્યું કે, 'આ બધું તમારું.' કેમ કે તમારી પ્રજાએ આપ્યું છે. ખૂબ જ સમજાવટ છતાં આ પ્રામાણિક દીવાન ના માન્યા ત્યારે રાણાએ લગ્ન સમારંભનો ખર્ચ રાજ્ય તરફથી ચૂકવી સંતોષ માન્યો.

* * *

૨

### લાઠી (કલાપી)

દોલતરામ નરભેરામ શેઠ લાઠીના શિક્ષક હતા. ત્યારે એક ક્રિકેટ મેચમાં અમ્પાયર' તરીકે કામ કરતા હતા. ત્યાંના ઠાકોર સાહેબ સૂરસિંહજી (કવિ કલાપી) પહેલે જ બોલે ઊડી ગયા. તેમને આઉટ જાહેર કર્યા. દેશી રાજ્યોમાં ત્યારે આવી હિંમત કોઈ બતાવી શકે નહીં. બાજુમાં ઊભેલા એક જણે ધીમેથી સલાહ આપી કે 'બાપુ, રાજાને એમ આઉટ ના કરાય. ચાન્સ આપવો જોઈએ.' દોલતરામે બેધડક જવાબ આપ્યો કે, 'બાપુ એમના મહેલમાં, અહીં મેદાન પર તો સૌ જેવા જ તે પણ એક ખેલાડી જ.' આ શબ્દો કલાપીને કાને પડતાં તેમણે એમની ઓળખ પૂછી. સૌના જીવ ફફડી ઊઠયા. પણ એક અદના શિક્ષકની સત્યાચરણ માટેની આ નીડરતાથી પ્રસન્ન થયેલા ખેલદિલ કલાપીએ તો તેમને ઊલટા ધન્યવાદ આપી સાફો ભેટ આપ્યો.

ધૂની માંડલિયા

## પરિવર્તનના પંથે નયા ગુજરાતનું પ્રસ્થાન

ગરવી ગુજરાતની અસ્મિતાને પુનઃ પ્રસ્થાપિત કરવાના દૃઢ સંકલ્પ સાથે ગુજરાત રાજ્ય, ૧ લી મે ૧૯૯૦ ના રોજ, તેની સ્થાપનાના ત્રણ દાયકાની મંઝીલ વટાવી એકત્રીસમાં વર્ષમાં પ્રવેશ કરે છે. "નયા ગુજરાત"ના નવઘડતર માટેના નૂતન ઉન્મેશો અને અભિલાષા સાથે આપણે નવપ્રસ્થાનનો આરંભ કર્યો છે.

સમગ્ર રાષ્ટ્રમાં, લોકશાહીની પ્રક્રિયા દ્વારા, લોકોએ સત્તા પરિવર્તન માટેનું શમણું સાકાર બનાવ્યું, એના પગલે, ગુજરાતની પ્રજાએ પણ લોકમતનો સ્પષ્ટ આદેશ આપીને, જનતા દળ અને ભારતીય જનતાપક્ષની સંયુક્ત સરકારના હાથમાં રાજ્ય-શાસનનો કારોબાર સોંપ્યો છે. રાજ્યના પ્રજાજનોએ આપેલ વિશ્વાસ, હૂંફ, સદ્‌ભાવ અને સહયોગની પ્રેરક તાકાતને સાર્થક કરવા અને આપેલા વચનો પૂર્ણતયા નિભાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

### લોકાભિમુખ વહીવટ

શાસનના સૂત્રો સંભાળ્યાને હજુ પૂરા બે મહિના પણ થયા નથી. આટલા ટૂંકા સમય દરમ્યાન કોમી હિંસક પ્રવૃત્તિઓને કાબૂમાં લેવા સહિતની તાકીદની બાબતો માટે યોગ્ય પગલાં લેવામાં આવ્યાં છે, તદ્‌ઉપરાંત વહીવટી કાર્યક્ષમતા અને તંત્રના લોકાભિમુખ મોડ અંગેનો સ્પષ્ટ અભિગમ તેમજ વ્યાપક લોકહિતને ધ્યાનમાં રાખીને લીધેલાં નીતિવિષયક નિર્ણયોને પ્રજાવર્ગોનું સમર્થન અને આવકાર મળી રહ્યા છે, ગુજરાતના વિકાસની આ સમગ્ર પ્રક્રિયામાં તેમજ રાજ્ય સરકારે આરંભેલા પુરુષાર્થમાં પ્રજા સક્રિયપણે સહભાગી બનશે એવી અપેક્ષા છે.

આજના અવસરે, રાજ્યની નવી સરકારના અભિગમ, નીતિ અને "નયા ગુજરાત"ના નિર્માણ માટેની લોકાભિમુખ કાર્યશૈલી વિશેના સંકલ્પો પ્રગટ કર્યાં છે.

પંચવર્ષિય આયોજિત વિકાસના આઠમા સોપાનમાં જનસમાજની આકાંક્ષાઓ પૂરેપૂરી પ્રતિબિંબિત થાય, ગામડાંઓનો વિકાસ સધાય, ગરીબી અને બેરોજગારીની આર્થિક સમસ્યાઓ હલ થાય તેમજ સામાજિક-આર્થિક વિષમતાઓ દૂર કરી, જીવન ધોરણોની ગણવત્તા સુધરે એવા કાર્યક્રમોને ટોચ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રાજ્ય સરકારે, આર્થિક વિકેન્દ્રીકરણ, અર્થતંત્રને કૃષિ અને ઉદ્યોગલક્ષી નવો મોડ તેમજ સામાજિક ન્યાય અને શોષણ નાબૂદીના ધ્યેયો હાંસલ કરવાની સ્પષ્ટ નેમ રાખી છે. સરકાર વહીવટીતંત્ર અને કાર્યપદ્ધતિમાં કાયાકલ્પ કરવા માંગે છે. "નયા ગુજરાત"ના નિર્માણનો સંકલ્પ પણ માત્ર સીમીત ભૌતિક ધ્યેયોને આવરી લેતો નથી. ગુજરાત સમક્ષની આર્થિક સમસ્યાઓ કરતાં પણ વધુ જટીલ એવી સામાજિક તનાવની પરિસ્થિતિ દૂર કરી સદ્‌ભાવ અને શાંતિનું વાતાવરણ નિર્માણ કરવાની દિશામાં નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. સમાજના માનસ ઉપર પ્રભાવક અસરો ધરાવતા વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, બૌદ્ધિકો અને સંગઠનોના પ્રતિનિધિઓ સાથે ગુજરાતમાં સમાજ જીવનની સંસ્કારિતાનું ગૌરવ પુનઃ ઝંકૃત થાય તે માટે સીધો સંવાદ કરવામાં આવ્યો છે. અને તેના ફળદાયી પરિણામો મળવાના જ છે. ગાંધી અને સરદારના ગુજરાતની ખોવાયેલી અસ્મિતા પુનઃ પ્રસ્થાપિત થાય, અને ગુજરાતના સ્વમાન અને હિતોનું રક્ષણ થાય, રાજ્યની વાજબી વાત સંભળાય અને સ્વીકારાય, દેશના જાહેર જીવનમાં ગુજરાત મોખરાનું સ્થાન મેળવે એટલું જ નહી., ગુજરાતનો એકેએક પ્રજાજન સ્વમાનભેર જીવી શકે એવી પરિસ્થિતિનું નિર્માણ-એ મંઝીલ છે અને આ માટેના સહિયારા પુરુષાર્થની મંગલ યાત્રામાં સૌનો સાથ લેવા સરકાર સંકલ્પબદ્ધ છે.

માહિતી/વપન/૧૯૯૦/૨૧/૧૬/૧/૯૧/તા. ૨૬-૪-૯૦

# ભાવ પહોંચે છે

ગીતા લાડ (કેનેડા)

તા. ૨૫/૫/૮૮ ના રોજ પૂ. મા સર્વેશ્વરીનું પ્રથમ પ્રત્યક્ષ દર્શન થયું. તે પહેલા અધ્યાત્મના લેખ દ્વારા ને સ્વપ્ન દ્વારા પૂ. માનું દર્શન થયા કરતું હતું.

અધ્યાત્મ વાંચતાં વાંચતાં એમ થતું કે અમને પણ પૂ. મા યાત્રા કરાવે ને પૂ. માના હાથનો ભેળ જેવો પ્રેમપ્રસાદ ખાવા મળે તો કેવું સારું! પણ પાછું મનમાં એમ થાય કે એ બધુ અશક્ય છે. મનમાં એવા તરંગ શા માટે ઉઠવા જોઈએ?

પણ થોડા જ વખતમાં પ્રભુએ તે સત્ય કરી બતાવ્યું. પૂ. મા સાથે નાયગ્રાફોલની યાત્રાએ જવાનું થયું. તેથી ખૂબ આનંદ થયો.

એક વાર મેં પૂ. માને કહ્યું, "સ્વપ્નમાં હું તમને ફળ ખવડાવું છું એવું મને દેખાયું." એટલે માએ હસતાં હસતાં કહ્યું, "એમ! તો કાલે તમે લઈ આવજો ફળ."

પૂ. માના એ શબ્દો સાંભળી મને ખૂબ આનંદ થયો. બીજે દિવસે મેં નોકરી પરથી રજા લીધી. બપોરે પૂ. માએ મળવાનો સમય આપ્યો હતો. તેથી તેમની પાસે જતાં પહેલાં બજારમાં ગઈ. સારામાં સારાં ફળો કેરી ને સ્ટોબેરી લઈને ફરી ગાડીમાં બેઠી. મનમાં ખૂબ ખૂબ આનંદ હતો. એ આનંદમાં ને આનંદમાં ગાડી કઈ દિશામાં જાય છે તેનો પણ ખ્યાલ ના રહ્યો. "આજે પૂ. માને હું જાતે ફળ સમારીને ખવડાવીશ, બસ એજ વિચારોમાં મન ખોવાયેલું હતું."



ગાડી તો ચાલ્યા જ કરતી હતી. એક કલાક પછી અચાનક ખ્યાલ આવ્યો કે અરે! ગાડી કઈ દિશામાં ચાલી રહી છે? હજી કેમ પૂ. માનો ઉતારો ના આવ્યો? ને ત્યાં જ ભાન થયું, અરે! આતો વિષ્ણુમંદિર આવ્યું? તરત જ ગાડી મંદિરના કમ્પાઉન્ડમાં પાર્ક કરી, પરંતુ મંદિરમાં જવાની ઈચ્છા ના થઈ. ગાડીમાં બેસીને જ મનોમન પ્રભુને કહ્યું હે મા! આખરે તમે એક કલાક પછી પણ તમારા પવિત્ર મંદિરે જ લાવ્યાં. પણ આનંદમાં ને આનંદમાં હવે રસ્તો ના ચૂકાય તેનું તમે જ ધ્યાન રાખજો.

બન્યું એવું કે ફળ ખરીદ્યા પછી આનંદની એ અવસ્થામાં સાચા માર્ગે જવાનો એક વળાંક ચૂકી જવાયો. એટલે હવે મંદિરની બહાર નીકળતાં ધ્યાન રાખી ગાડી ચલાવી તો પૂ. માનો ઉતારો એક કલાકને અંતે આવી ગયો.

હું જ્યારે બારણું ખોલી ઉતારા ઉપર ગઈ તો મારા આશ્ચર્યનો પાર ના રહ્યો! પૂ. મા કોઈ દિવસ નહીંને તે દિવસે નીચે રસોડામાં શ્રી વિમળાબેન તથા શ્રી કંચનબેન જમતાં હતાં ત્યાં ઊભાં હતાં. મને જોતાં જ પૂ. માએ કહ્યું, "ચાલો, અમે તમારી જ રાહ જોતાં હતાં. તમે પણ જમી લો." પૂ. માને પ્રણામ કર્યા એટલે માએ ખુરશી બતાવી બેસવાનું કહ્યું, આનંદના અતિરેકમાં મારી આંખોમાં આંસુ આવી ગયાં. મને થયું, શું તમે આટલા માટે જ મને ભૂલી પાડી હતી!

હું ખુરશી પર બેઠી એટલે પૂ. માએ પોતાના હાથે ટેબલ ઉપરના ખાવાના પદાર્થોમાંથી કંઈક ભેળ જેવું બનાવીને એક ડીશમાં મને આપ્યું, ને પૂ. મા ઉપર જતાં રહ્યાં. મેં તે પ્રેમથી ખાધું. ખાતાં ખાતાં વિમળાબેને કહ્યું, "ગીતા, મા તારી રાહ

જોઇને નીચે આવી કહેતાં હતાં, ગીતા ભૂલી પડી હશે, એટલે જ સમય પ્રમાણે નથી આવી." વિમળાબેનને જવાબમાં જે હકીકત બની હતી તે બધી જ મેં કહી સંભળાવી. પૂ. માનું અનુમાન સાચું જ હતું. ને મારી પ્રાર્થના સાંભળવાની પૂ. મા તક શોધતા હતાં તે પણ સાચું જ હતું.

પૂ. માના હાથની મળેલી પ્રસાદી ખાતાં ખાતાં ખૂબ ખૂબ આનંદ થઇ ગયો. પૂ. મા તો ઉપર ઉતારા ઉપર અમને પ્રસાદી આપીને ચાલ્યાં ગયાં. અમે પણ પાછળથી ઉપર માને પ્રણામ કરવા ગયાં ત્યારે પૂ. માએ કહ્યું, "લાવો, શું લાવ્યા છો અમારા માટે?" પૂ. માના આ પ્રશ્નથી અમને યાદ આવ્યું જેથી નીચે ઉતરી ગાડીમાં જે ફળો પૂ. મા માટે લીધાં હતાં તે લઇ આવી. પૂ. માના શ્રી ચરણે અર્પણ કર્યાં.

પૂ. માએ કોથળી ઉઘાડી તો કેરીને જોતાં જ કહ્યું, "પૂ. શ્રીને કેરી ખૂબ પ્રિય હતી તેથી અમે તે નથી ખાતાં. તેથી લો એ પ્રસાદી તમે જ ખાજો. ને આ સ્ટોબેરી અમને ભાવતી નથી. માટે એ પણ તમારાં બાળકો માટે પ્રસાદમાં લઇ જાઓ."

મેં મારાં જ ખરીદેલાં ફળો પ્રસાદીરૂપે પાછાં સ્વીકાર્યાં. તે લેતાં મને દુ:ખ થયું. પછી વિચાર્યું કે એ નિમિત્તે તો આજે અહીં અવાયું તે શું ઓછું છે! વળી એને લીધે જ આજે પૂ. માએ મારી પ્રસાદી ખાવાની ભાવના પૂરી કરવા મને રસ્તે ભૂલી પાડી.

પૂ. માના પરિચય પછી ઘણી ઘણી પ્રાર્થનાઓ સંભળાયાં કરે છે. એ મારું ને મારા પરિવારનું સદ્ભાગ્ય છે. હે મા! તું મને મારા કુટુમ્બ સાથે જન્મોજનમ તારી છાયામાં જ રાખજે. એવી ફરી ફરી પ્રાર્થના કરું છું.



# શ્રીકૃષ્ણભક્ત મીરાંબાઇ

**કમલ સુથાર**

શ્રી મીરાંબાઇનો જન્મ મેવાડમાં આવેલ કુકડીમાં ઇ. સ. ૧૪૯૮ માં થયો હતો. તેમના પિતાનું નામ રત્નસિંહ હતું. ઇ. સ. ૧૫૦૩ માં મીરાંની માતા રામશરણ થઇ. પિતાજી યુદ્ધભૂમિમાં સમય વ્યતીત કરતા હતા. તેથી મીરાંની દેખભાળ ન થતી. તેથી તે દાદા દુદાજી પાસે રહેતી. નાનપણથી જ તેનામાં ભક્તિના સંસ્કારો પ્રબળ હતા. દાદાજીએ તેને સારું શિક્ષણ આપ્યું. મીરાં સુંદર, સુશિક્ષિત અને ભક્તિપૂર્ણ હૃદયની સન્નારી હતી. નાનપણથી જ તેનું મન ભગવાન શ્રીકૃષ્ણમાં લીન રહેતું હતું. તેથી તેનું મન ભગવાન શ્રીકૃષ્ણ સિવાય સંસારમાં બીજે ક્યાંય લાગતું ન હતું. સંસાર તેને ખારો-અસાર લાગતો હતો. તેને માટે તો પોતાના ઇષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણ જ સારરૂપ હતા. એકવાર બાલ્યાવસ્થામાં તેણે માતાને પૂછેલું : "મા મારો પતિ કોણ?" માએ શ્રીકૃષ્ણની મૂર્તિ બતાવતાં કહેલું : "આ તારા પતિ છે." ત્યારથી મીરાંબાઇ ભગવાન શ્રીકૃષ્ણને જ પોતાના પતિ માનતી હતી. જો કે તેનું લૌકિક લગ્ન ઇ. સ. ૧૫૧૬ માં સિસોદીયા વંશના મેવાડના શૈવધર્મી રાજકુટુંબમાં રાણા સંગના પુત્ર ભોજરાજ સાથે થયું હતું. તે વખતે તેમની ઉંમર સત્તર વર્ષની હતી. સાસરે ગયા પછીય તે શ્રીકૃષ્ણ ભક્તિમાં જ લીન રહેલી. તે ગાતી :

"મેરે ગિરધર ગોપાલ દૂસરો ન કોઇ."

એક જ લક્ષ્ય હતું તેનું શ્રીકૃષ્ણ મિલનનું. તેમના વિરહમાં તે રોતી, તડપતી પ્રતીક્ષારત રહેતી. સાધુઓનો સંગ કરતી, નાચતી, ગાતી આ બધું તેનાં સાસરિયાંને પસંદ ન હતું. તેથી તે મીરાંને કનડવા લાગ્યાં. ભક્તિ છોડાવવા અનેક ઉપાય કર્યાં. પણ મીરાં એકની બે ન થઈ. નાનપણથી જ તેને પરમાત્માની અનુભૂતિ થઇ હતી. તેથી આ નશ્વર પરિવર્તનશીલ જગતમાં તેનું મન ચોંટતું ન હતું. તે તો ભગવાન શ્રીકૃષ્ણને જ પોતાનું સર્વસ્વ માનતી. શાશ્વત અમૃત માનતી. શ્રી-કૃષ્ણ-પ્રેમ-દીવાની મીરાં પગમાં ઘૂંઘરું બાંધી શ્રીકૃષ્ણની મૂર્તિ સામે નાચતી, ગાતી ને મસ્ત રહેતી. સંસારની જૂઠી લોક-લાજની જરાય પરવા ન કરતી. જૂઠાં લોકોની જૂઠી નિંદાને નેવે મૂકતીને કહેતી :

"સાધુ સંગ બૈઠ બૈઠ લોક લાજ ખોઈ;
મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ."

પતિએ તેને મારવા વિષનો પ્યાલો મોકલ્યો. મીરાં તે અમૃત માની પી ગઈ. આ ઘટના પછી તેનું મન સંસારમાંથી સાવ વિરક્ત બની ગયું.

મીરાં સંત હતી. શ્રીકૃષ્ણ પ્રેમ દિવાની ભક્ત કવિયિત્રી હતી. તેના સંવેદનશીલ હૃદયમાંથી ભક્તિની સરવાણી ગીતરૂપે વહેતી હતી. તે સંસારની પરમ સાક્ષી હતી. તે નિ:સંતાન હતી. કેમ કે વાસનાનો સંસાર તેણે ભોગવ્યો જ ન હતો. કેમ કે તે જાણતી હતી કે :

"સંસારીનું સુખ કાચું પરણીને રંડાવું પાછું;
મુખડાની માયા લાગી રે મોહન પ્યારા."

ઈ. સ. ૧૫૨૧ માં તેના પતિનું અવસાન થયું. તે વિધવા બની. પછી તો સાધુ-સંતો સાથે નિર્ભય બની સત્સંગ કરતી. દાન, સેવા, ભક્તિ આદિમાં તે રમમાણ રહેલી. અસંખ્ય મનુષ્યોના હૃદયોમાં મીરાં પ્રત્યે પ્રેમ હતો. સસુર પક્ષ તરફથી મીરાંને ત્રાસ આપવામાં કંઇ મણા રાખવામાં આવી ન હતી. તેને મારવા અનેક પ્રયત્નો કરાયા પણ ભગવદ્કૃપાથી તેનો વાળ પણ વાંકો ન થયો. મેવાડનો ત્યાગ કરી તે મેડતા આવી. પછી તે મેડતા છોડી વૃન્દાવન ગઇ. અહીં જીવા ગોસાઇ સાથે તેનું મિલન થયું. તે ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય હતા. મીરાં સ્ત્રી છે એમ માની તેને મળવામાં તેમને સંકોચ થતો હતો. પણ મીરાંએ તેમને કહ્યું કે : "હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક."



વ્રજમાં વસી હજુ પુરુષ રહ્યા છો તેમાં ધન્ય તમારો વિવેક. આથી જીવા ગોસાઇની સમજ બદલાઇ. મીરાં નીડર હતી. સ્વતંત્ર મિજાજની હતી. તેની માર્મિકતા, સૂઝ, ને ભક્તિથી ગોસાઇ પ્રસન્ન થયા. તેણે કોઇ માર્ગ, સંપ્રદાયનો સ્વીકાર કર્યો ન હતો. તે માધુર્યભાવનાં ગીત ગાતી. શ્રીકૃષ્ણને રિઝવતી. તે શ્રીકૃષ્ણમય બની ગઇ હતી. વ્રજ છોડી તે દ્વારિકા આવી. અહીં પણ તે ભક્તિમય રહી.

ઈ. સ. ૧૫૩૭ માં તેનો ચિતોડના વારસદાર તરીકે સ્વીકાર થયો હતો. મોટે ભાગે તે અજ્ઞાતવાસમાં રહેતી. દક્ષિણભારતની પણ તેણે યાત્રા કરેલી. મોગલ બાદશાહ અકબરને પણ તે મળેલી.

આ પ્રેમ-દિવાની મીરાં ઈ. સ. ૧૯૬૫ માં સડસઠ વર્ષની ઉંમરે પોતાના આરાધ્ય દેવ શ્રીકૃષ્ણમાં સદાને માટે સમાઇ ગઇ. આજેય સંત મીરાંબાઇ અમર છે.

# આત્મચિંતન

સમ્રાટ માર્ક્સ ઓરેલિયસ

ઈન્દ્રિયો જે કાંઇ માગ્યા કરે છે એ બધું અસ્થાયી છે. જીવિત રહેવાનું પ્રયોજન શું છે? શું તમારે કીર્તિ મેળવવી છે? અનિત્યતા અને અજ્ઞાનથી ભરેલા આ સંસારમાં કીર્તિ મેળવીને શું કરશો? તપાસો કે કીર્તિથી પણ વધુ મોટી કોઇ વસ્તુ આ સંસારમાં છે?

ધારો કે મૃત્યુ પછી કાંઇ રહેતું જ નથી, અથવા ધારો કે તમારો બીજો જન્મ થવાનો છે, એ બંને પરિસ્થિતિઓમાં તમારું શું કર્તવ્ય છે? દેવોની ઉપાસના, માનવજાતની સેવા, સહિષ્ણુતા, અયોગ્ય કર્મોનો ત્યાગ અને ઈન્દ્રિયનિગ્રહ–આ બધું માનવનું કર્તવ્ય અથવા માનવનો ધર્મ છે.

તમે જો મનથી કે કર્મથી ધર્મ અને ન્યાયની વિરૂદ્ધ ન વર્તતા હો, તો પછી માર્ગ સરળ છે. આત્મશાંતિ અને આત્મસંતોષને માટે સ્થિતપ્રજ્ઞતાથી વધે એવી કોઇ ચીજ નથી.

પોતાની ફરજ બજાવતી વખતે ગરમી કે ઠંડી તરફ ન જુઓ. પૂરું ઊંઘી શક્યા કે નહિ એ ચિન્તા પણ છોડો. નિંદા–સ્તુતિનીય પરવા ન કરો. કદાચ પ્રાણત્યાગવો પડે તો તે ખુશીથી કરો, કારણ કે મરવું એ પણ એક કર્તવ્ય છે. એ કામ પણ યોગ્ય રીતે જ કરો.



# વૈદિક પ્રાર્થનાઓ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

તમે તેજ છો તેથી પ્રકાશ આપો,
તમે વીર છો, વીરતા તેથી આપો,
તમે શક્તિ છો તેથી શક્તિ ય આપો,
ઓજસ્વી છો તેથી ઓજસ્વી કરજો.

અનિષ્ટ સામે જ તમે ય ક્રોધી,
એવો જ આપો મુજને ય રોષ,
તમે ધૈર્યનું રૂપ સાક્ષાત શોભો,
તેથી મને ધૈર્ય સદાય આપો.

* * *

અસત્યમાંથી લઇ સત્યમાં જજો,
અંધારમાંથી લઇ તેજમાં જજો,
ને મૃત્યુમાંથી અમૃતે લઇ જજો.

* * *

આપણા બેયને માટે દેવ રક્ષણહાર હો,
આપણે બેય એમાંથી નિત્ય પોષણ પામીએ,
આપણા બેયની શક્તિ વધો જ્ઞાનમયી જગે.

અહીં ગુરુ અને શિષ્યનો આપણ બેયમાં સમાવેશ થાય છે.

સ્વાધ્યાય આપણા માટે સત્ય અર્થ બતાવજો,
આપણા બેયની બુદ્ધિ દ્વેષથી મુક્ત મ્હેંકજો,
આધિ, વ્યાધિ, ઉપાધિમાં શાન્તિ શાશ્વત પામજો.

* * *

મને શત્રુ કે મિત્રની ભીતિ ના હો,
અજ્ઞાત કે જ્ઞાતની ભીતિ ના હો,
ન રાત્રી કે દિવસની ભીતિ હો,
થજો દિશાઓ સહુ મિત્ર મારી.

* * *

સૌ સ્થાનથી શ્રેષ્ઠ સંકલ્પ આવો,
દબાય ના જે, વળી કાર્ય સાધે,
એ જોઈ સહુ દેવ કલ્યાણ કરજો,
ને રક્ષજો સાવધ નિત્ય રહીને.

* * *

કરતા રહીને કર્મો થવા ઇચ્છો શતાયુષી,
તો ન કર્મથી લોપાશો, બીજો કોઈ ઉપાય ના.

(ક્રમશ:)

## * સુધારો *

એપ્રિલ, '૯૦ ના પાના નં. ૪૨ ઉપર છેલ્લે જે છપાયેલ છે, તે રૂા. ૧૦૧ શ્રી મુકુન્દભાઈ નટવરભાઈ સોરઠિયા, સુરત-ભાઈ તથા બહેનના લગ્ન પ્રસંગે એમ વાંચવું. ભૂલ બદલ દિલગીર છીએ.



## * ખરાખરીનો ખેલ *

આ તો ખરાખરીનો ખેલ, મનવા!
માયા-મમતા મેલ.

કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવ,
રાઘવ શું લંકેશ,
દેવાસુર-સંગ્રામથી કપરો,
ભવ-રણ-જંગ વિશેષ
વાસના-પૂર જ્યાં રેલંછેલ,
મનવા! મળ્યા-મમતા મેલ...આ તો...

રણ-શૂરા રણવીર ડણકતા,
સમરે, કેસરી ગિર!
અન્તર-રણસંગ્રામે ઝૂઝે,
જોદ્ધા જે રણધીર.
અસિધાર શિર પર હેલ,
મનવા! માયા-મમતા મેલ.
આ તો ખરાખરીનો ખેલ.... આ તો...

ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

# રામકથા

## યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રાવણ ખર અને દૂષણના સંહારના સમાચાર સાંભળીને શોકમગ્ન બની ગયો, વિચારમાં પડયો, ને બોલ્યો:–'યુદ્ધમાં ખર દૂષણ અને બીજા મહાબળવાન રાક્ષસોનું મૃત્યુ થયું? એમની સાથે યુદ્ધ કરવાની હિંમત કોણે કરી? આ પૃથ્વી પર એવો પરાક્રમી વળી બીજો કોણ પાક્યો?'

'એવો પરાક્રમી પુરુષ પાક્યો છે અને મારાં નાક કાન પણ એના જ કહેવાથી કાપવામાં આવ્યા છે. તારા રાજ્યમાં પુરતા પ્રમાણમાં ગુપ્તચરો નથી લાગતા નહિ તો એ હકીકતની ખબર તને ક્યારની પડી હોત. જે રાજા ગુપ્તચરોની વ્યવસ્થાંનું ધ્યાન નથી રાખતો તથા પ્રજાની સાથેનો સંપર્ક ખોઇ બેસે છે તે રાજા પોતાને નિર્ભય માનતો હોય તો પણ ભયમાં આવી પડે છે. તેની અને તેના સામ્રાજ્યની સલામતી જોખમમાં મૂકાઇ જાય છે. એમ કહીને શૂર્પણખાએ બધીયે કથા અથથી ઇતિ સુધી કહી બતાવી.

રામનો પરિચય કરાવતાં એણે કહ્યું, 'રામ રાજા દશરથના પુત્ર છે. એમનું સ્વરૂપ કામદેવતા સમાન સુંદર છે. એ ધનુર્વિદ્યામાં અત્યંત કુશળ છે. એ વિદ્યાના પ્રભાવથી એમણે ખર, દૂષણ અને બીજા રાક્ષસોને જોતજોતામાં હણી નાખ્યા. એ પરાક્રમી ને બુદ્ધિશાળી વીર પુરુષને યુદ્ધમાં હરાવવાનું કામ ધાર્યા કરતાં ઘણું કઠિન છે. એમનો ભાઇ લક્ષ્મણ પણ એમના જેવો જ પ્રતાપી તથા તેજસ્વી છે. મારાં નાક કાન



એણે જ કાપી નાખ્યાં. એ રામની આજ્ઞા પ્રમાણે વર્તન કરે છે. એ તો ઠીક પણ તારે માટે ખાસ મહત્ત્વની એક બીજી વાત પણ મારે કહેવાની છે. એ બન્ને ભાઇઓની સાથે એક સુકુમારી સ્ત્રી પણ છે.'

'સ્ત્રી? અને તે પણ સુકુમારી?' રાવણે આશ્ચર્યોદ્‌ગાર કાઢયા. એની વાસનાવૃત્તિ સ્ત્રીનું નામ સાંભળીને હાલી ઉઠી.

'એ સ્ત્રી વળી કોણ છે?' એણે જિજ્ઞાસા બતાવી.

'એનું નામ સીતા છે.' શૂર્પણખા એની જિજ્ઞાસાવૃત્તિને સંતોષતા બોલી. 'એવી રૂપસુંદરી સ્ત્રી ત્રિભુવનમાં બીજી કોઇ યે નહિ હોય.'

'તારે ત્યાં દેવ, દાનવ, યક્ષ ને ગંધર્વની કેટલીક કન્યાઓ છે એ વાત સાચી છે, પરંતુ સીતાનું તો સ્વરૂપ જ જુદું છે. એ તારી પટરાણી થવા માટે બધી રીતે યોગ્ય છે. મારો વિચાર એ સુકુમારીને તારી પત્ની બનાવવા માટે લઇ આવવાનો હતો. મેં એને સમજાવવાનો પ્રયાસ કરવા માંડયો ત્યાં જ લક્ષ્મણે મારા પર મોહિત થઈને મને એની સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ કર્યો. મેં એની સાથે લગ્ન કરવાની ના પાડી એટલે મારી આવી દુર્દશા કરી દીધી. તું એ સુંદર સ્ત્રીને મેળવવાની ઇચ્છા રાખતો હોય તો રામ તથા લક્ષ્મણ સાથે યુદ્ધે ચડ. રામ, લક્ષ્મણ સામાન્ય મનુષ્યો છે. એમનું પરાક્રમ તારી આગળ કશી જ વિસાતમાં નથી. એ તને કશું જ નથી કરી શકવાના. યુદ્ધમાં તારી સામે નથી ટકી શકવાના.'

સીતાનું વર્ણન સાંભળીને રાવણની લાલસા વધી ગઇ. એને મિથિલાપુરીમાં જનકે રચેલો સીતાનો સ્વયંવર યાદ આવ્યો. એ સ્વયંવરને એ લગભગ ભૂલી ગયેલો, પણ હવે એને આંખ આગળ એ તાજો થયો.

એમાં ધનુષ્ય ઉપાડવા જતાં થયેલું પોતાનું અપમાન અને સીતાએ એ વખતે કરેલું હાસ્ય એને યાદ આવ્યું.

'સીતા સાચેસાચ સૌંદર્યવતી છે.' એ મનોમન બબડયો. 'અતિશય

સૌંદર્યવતી. એના જેવું સૌંદર્ય તો મેં મારા અત્યાર સુધીના જીવનમાં નથી જોયું. એ સીતા મારી પ્રિયતમા બને તો કેવું સારું? મારો મહેલ એથી શોભી ઉઠે. પરંતુ એને બળથી નહિ. પણ કળથી લાવવી જોઇએ. રામ પ્રતાપી છે. એમનું બાહુબળ મેં સ્વયંવર વખતે જોયેલું જ છે. એટલે એમની સાથે બળથી કામ લેવા કરતાં બીજી રીતે કામ લેવું જોઇએ.

એણે શૂર્પણખાને કહ્યું, 'સીતાના સમાચાર પહોંચાડવા માટે તું આટલે દૂર આવી પહોંચી એને માટે તારો આભાર માનું છું. તું થોડા વખતમાં જ જોઇશ કે તારો ફેરો ફોગટ નથી ગયો. સીતાનું થોડા જ વખતમાં હરણ કરીને હું એને મારી પટરાણી બનાવીશ એ નક્કી સમજજે. પછી તો તને શાંતિ થશે ને?'

શૂર્પણખા ઉત્તેજીત બનીને બોલી ઊઠી, 'હા જરૂર થશે. જરૂર થશે. સીતાનું હરણ કરી લાવશો ત્યારે મારા આત્માને અજબ પ્રકારનો આનંદ મળશે. એ દિવસે હું સુખપૂર્વક સૂઇ શકીશ. ખરના મૃત્યુથી થતી મારા દિલની વેદના એ દિવસે કાંઇક ઓછી થશે તથા મારો અંતરાત્મા તને ઉંડા આશિર્વાદ પ્રદાન કરશે.'

રાવણે પોતાના મંત્રીઓ સાથે પરામર્શ કરીને ચતુરાઇપૂર્વકની યોજના ઘડી કાઢી ને પછી ઉત્તમ રથમાં બેસીને લંકાનગરીની વિદાય લીધી.

વિશાળ સમુદ્રને પાર કરીને એણે એક પરમ પવિત્ર, રમણીય વનમાં પ્રવેશ કર્યો.

એ વનમાં મારીચ રહેતો હતો. રાવણને જોઇને મારીચે પ્રસન્ન બનીને એનો વિધિપૂર્વક સત્કાર કર્યો. મારીચે કુશળ સમાચાર પૂછીને એના આગમનનું કારણ પૂછયું એટલે એ બોલ્યો, 'મારીચ, હું અત્યંત દુઃખી છું. મારા મગજ પર મહાન ચિંતા ફરી વળી છે. તમે બનતી બધી



રીતે મદદરૂપ થઇને મારી ચિંતા દૂર કરો એ આશા સાથે હું આટલે દૂર આવી પહોંચ્યો છું.

'તમને વળી એવી કયી ચિંતા સતાવી રહી છે?' મારીચે પૂછયું, 'એ જ જોવાનું છે ને? અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામે પોતાના અદ્દભુત પરાક્રમથી ખર, દૂષણ અને બીજા ચૌદ હજાર રાક્ષસોનો નાશ કર્યો છે. એટલું જાણે ઓછું હોય તેમ મારી બેન શૂર્પણખાના નાક કાન પણ એણે કાપી નાખ્યાં છે. એ ભયંકર અપરાધનો બદલો લેવાનો મેં વિચાર કર્યો છે?'

(ક્રમશઃ)

## ફેરો સફળ કરવો છે

હે મા સર્વેશ્વરી,
હે જીવંત તીર્થ
તારાં દર્શન કરી
શ્રી ચરણે શિશ ધરી
મારે મારા આ જન્મના
ફેરાને સફળ કરવો છે.

---આશા ભક્ત

# આવું જીવન જીવાય તો કેવું સારૂં ?

**સં. બદરુદ્દીન રાણપુરી, દિનેશ લહેરી**

૧. એક સજ્જને વિશ્વની વિદાય લેતી વેળાએ પોતાના શાણા પુત્રને બોલાવીને કહ્યું : "બાપ! બેટા! મારા જીવનની સમજણનો આ છેલ્લો સાર છે અને તે એ કે, જીવનમાં સારા કામના 'નિમિત્ત' થવું, તે મોટું સદ્ભાગ્ય છે, તું બીજાની ચિંતામાં મગ્ન રહીશ તો ઈશ્વર તારી ચિંતા રાખશે." બસ, પુત્રને આ બોલ બ્રહ્મવાક્ય થઈ પડ્યા અને ગુજરાતની એક અજોડ સંસ્થાને માસિક ને સારા સાહિત્ય દ્વારા, લોકહિતના એક એકથી ચઢિયાતાં સેવાનાં કામોમાં સતત 'નિમિત્ત માત્ર' બની રહ્યા છે. મારા વીર! અંતકાળે વિલ કે ભલામણ કરવી હોય તો આવી કરાય! કે જેથી પિતા-પુત્ર બંનેનું ભલું થાય.

૨. જંગલમાં એક સ્ટેશન, સવારના પાંચ વાગ્યે ટ્રેન આવતી હોઈ સ્ટેશનમાસ્તર એક દાતણની ઝૂડી બાંકડા ઉપર મૂકી રાખે, બાંકડા ઉપર છોડે : ભગવાનનાં દાતણ વાપરો મારા બાપલા "નાની પણ અમૂલ્ય સેવા."

૩. સૂમશામ વગડામાં એક સ્ટેશન, ૪-૫૦ વાગ્યે ટ્રેન આવે. ચોમાસુ, ઉનાળો તો ઠીક, પણ શિયાળાના પોષ મહિનામાં કડકડતી ઠંડીથી માણસોના કાળજા વીંધાઈ જાય. તે સમયે સ્ટેશનનો સાંધાવાળો દિવસે વગડામાંથી લાકડાનો ભારો લાવી મૂકે અને એ કડકડતી ઠંડીમાં તાપણું કરી બધાની ટાઢ ઉડાડે. "માનવ તો નાનો, પણ કામ મોટું."

# શ્રેષ્ઠ ઉપાસના

આવો ઉત્તમ જન્મ શું વ્યર્થ જવા દેવો? નહિ, નહિ. તેટલા માટે મારે એવું કામ કરવું જોઈએ કે જેથી કરીને દેવના માથા ઉપર કોઈપણ રીતે આપણી સેવાનું કરજ ચઢતું જ રહે. એમ કરવાનું પરિણામ એવું થાય કે દેવને હંમેશાં કોઈપણ પ્રકારે આપણું સ્મરણ તાજુ ને તાજુ રહે. મારો પોતાનો ભાવ શુષ્ક નહિ હોવાથી મેં દેવના ઉપર મારો બધો જ ભાર નાંખી દીધો છે. એમ કરતાં જો દેવને આજે મારી દયા નહિ આવે તો પણ મારા બીજા સો જન્મ પછી પણ આખરે કૃપાળુ દેવના અંતઃકરણમાં મારા પ્રતિ દયાભાવ જાગ્રત થશે જ થશે, એવો મને વિશ્વાસ છે.

તુકારામ કહે છે કે સૌથી શ્રેષ્ઠ જે ભગવાનની ઉપાસના છે તે મારા હાથમાં આવી ગઈ છે. તેથી કરીને હવે હું મારા ચિત્તને તેનાથી અળગુ થવા દેવાનો નથી.

–સંત તુકારામ

# નિદ્રામાં કાપ મૂકી સાધનામાં લાગો

જેમને એક જ જન્મમાં અને એ પણ બનતી વહેલી તકે પરમશાંતિ, મુક્તિ કે પૂર્ણતા મેળવવી હોય તેમણે નિદ્રાના નિર્ધારિત સમયમાં કાપ મૂકીને સાધના-પરાયણ બનવું જ જોઈએ. પ્રમાદને પરિત્યાગવો જોઈએ. રાતે વહેલા ઉઠવા માટે અથવા બ્રાહ્મમુહૂર્તનો લાભ લેવા માટે, રાતે વહેલા સુવાની અને રાતનું ભોજન છોડી દેવાની અથવા રાતે બને તેટલું વહેલું અને ઓછામાં ઓછું અલ્પાહાર જેટલું ભોજન કરવાની ટેવ પાડવી પડશે. રાતે વહેલા સુવાથી સવારે વહેલા ઉઠવાનું સરળ બનશે. આજનું આપણું જીવન મોટે ભાગે કૃત્રિમ બની ગયું છે. એમાં રાતના ઉજાગરા અને મોડી રાતનાં ભોજન સર્વ સામાન્ય જેવાં થઈ પડ્યાં છે. પરંતુ સાધનાની અભિરુચિવાળા સાધકોએ એમાં ફેરફાર કરવાનો રહેશે. તે સિવાય સાધાનપંથે ઈપ્સિત ગતિથી આગળ નહિ વધી શકાય, એ નિશ્ચિત માનજો.

–યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન: -પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર-૧.